# ઇસ્લામનું ભવિષ્ય

**સંપાદક**

**મુફતી ફરીદ અહમદ રશીદ કાવી**

**પ્રકાશક**

જામિઅહ ઉલૂમુલ કુરઆન.

બાયપાસ રોડ. મુ.પો. જંબુસર.

જિ. ભરૂચ. પીન : ૩૯૨૧૫૦

# ઇસ્લામનું ભવિષ્ય


સંપાદક

મુફ્તી ફરીદ અહમદ રશીદ કાવી



પ્રકાશક

જામિઅહ ઉલૂમુલ કુરઆન.
બાયપાસ રોડ. મુ.પો. જંબુસર.
જિ. ભરૂચ. પીન : ૩૯૨૧૫૦

***ઇસ્લામનું ભવિષ્ય***

***સંપાદક :***

મુફતી ફરીદ અહમદ રશીદ કાવી.

મુદર્રિસ જામિઅહ જંબુસર.

***આવૃતિ :***

પ્રથમ. મે – ૨૦૧૫. પ્રત : ૧૦૦૦

***પ્રકાશક :***

જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર

***મળવાનું ઠેકાણું :***

મુફતી અહમદ દેવલા.

મોહતમિમ જામિઅહ ઉલૂમુલ કુરઆન.

મુ.પો. જંબુસર. તા. જિ.ભરૂચ. ગુજરાત.

૩૯૨૧૫૦. ફોન : ૦૨૬૪૪–૨૨૦૭૮૬

E MAIL: jamiahjambusar@gmail.com

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ● પ્રકાશકીય | ૪ |
| ● ઈસ્લામનું ભવિષ્ય. | ૬ |
| ● *કુર્આનમાં વર્ણન કરવામાં આવેલ ખુશખબરો અને ભવિષ્યવાણીઓ.* | ૮ |
| ● અંબિયા અલૈ.ના જીવનપ્રસંગો. | ૧૨ |
| ● મોમિનો અને ગેરમુસ્લિમોનો અંજામ. | ૧૨ |
| ● આગળ વધતાં પહેલાં. | ૧૩ |
| ● અલ્લાહ તઆલા તરફથી શત્રુઓના પ્રપંચો અને ચાલોને નિષ્ફળ બનાવવાનો વાયદો. | ૧૭ |
| ● એક ચેતવણી | ૧૯ |
| ● *હદીસ શરીફમાં વર્ણવવામાં આવેલ ખૂશ ખબરો - ભવિષ્યવાણીઓ.* | ૨૧ |
| ● (૧) સમસ્ત વિશ્વમાં ઈસ્લામનું પ્રભુત્વ. | ૨૧ |
| ● (૨) યુરોપમાં ઈસ્લામનો પ્રભાવ અને રોમની જીત. | ૨૫ |
| ● એક દિલચસ્પ હકીકત. | ૨૬ |
| ● (૩) પુર્વથી પશ્ચિમ સુધી ઈસ્લામી સત્તાનો વિસ્તાર. | ૨૯ |
| ● (૪)શાંતિવાળું સમૃદ્ધ જીવન. | ૩૦ |
| ● (૫) નબવી તરીકા મુજબની ખિલાફતનું પુનરાવર્તન. | ૩૨ |
| ● (૬) યહૂદીઓ પર પ્રભુત્વ – જીત. | ૩૪ |
| ● (૭) અજેય ગ્રુપનું અસ્તિત્વ. | ૩૬ |

| | | |
|---|---|---|
| ● | (૮) દરેક કાળમાં મુજદ્દિદ – સુધારકનો જન્મ. | ૩૮ |
| ● | (૯) હઝરત ઈસા અલૈ.નું આગમન. | ૪૦ |
| | (૧૦) હઝરત મહેદી અલૈ.નો જન્મ. | ૪૧ |
| | ***આધુનિક વિશ્વ અને ઇસ્લામ*** | ૪૨ |
| ● | (૧) આધુનિક ટેકનોલોજી. | ૪૨ |
| ● | ચેતવણી. | ૪૪ |
| ● | (૨) નકારાત્મક પ્રચારની હકારાત્મક અસર. | ૪૬ |
| ● | (૩) અન્ય ધર્મોના અનુયાયીઓની એમના ધર્મ ઉપરની શ્રદ્ધા ડગમગી જવી. | ૪૮ |
| ● | (૪) ઈસ્લામી માન્યતાઓ અને આધુનિક વિજ્ઞાનનો તાલમેલ. | ૫૦ |
| ● | (૫) અન્ય ધર્મોમાં અનુકરણ યોગ્ય કેરેકટર અને સમાજની અનુપસ્થિતિ. | ૫૧ |
| ● | (૬) ઈસ્લામનું માનવતાવાદી વણલ. | ૫૪ |
| ● | (૭) વિશ્વભરમાં ઈસ્લામ વિરોધી વાતાવરણ. | ૫૬ |
| ● | એજયુકેશન, ઈકોનોમી, ટેકનોલોજી વગેરેમાં મુસલમાનો કેટલા આગળ હોવા જોઈએ ? | ૫૯ |
| | યાદ રાખો. | ૬૨ |
| ● | કયામત કયારે આવશે ? | ૬૩ |
| ● | કયામતની નિશાનીઓ, એક ફેશન. | ૬૪ |
| ● | ખુલાસો. | ૬૫ |
| | | |

# પ્રકાશકીય

આજકાલ વિશ્વભરમાં બે પ્રવાહો સમાંતર ચાલી રહયા છે. એક તરફ આખા વિશ્વમાં ઈસ્લામ સ્વીકારની લહેર ચાલી રહી છે અને વિવિધ ક્ષેત્રે ઈસ્લામી જીવનવ્યવસ્થાની સાર્થકતા પણ પૂરવાર થઈ રહી છે. બીજી તરફ વિશ્વભરમાં ઈસ્લામ વિરોધી વાતાવરણ પણ સર્જાય રહયું છે અથવા સર્જવામાં આવી રહયું છે. બેમાંથી એક બાબત ઉત્સાહજનક છે અને આવતા દિવસોમાં ઈસ્લામ વધારે મજબૂત હશે એવી આગાહી કરે છે. બીજી બાબત ચિંતાજનક છે અને એવો આભાસ કરાવે છે કે સંજોગો આવી રીતે જ ચાલતા રહયા તો મુસલમાનો માટે આવતા દિવસો ઘણા કઠણ હશે. આ ચિંતાની સાથે મુસ્લિમ વિશ્વમાં ચાલતા ગૃહયુદ્ધને જોડી દેવામાં આવે તો બેચેની ઓર વધી જાય છે. અને પછી આ બધા સંજોગો અને ઘટનાક્રમને કયામતની નિશાનીઓ સાથે જોડીને જોવામાં આવે તો ખતરાની ઘંટી સંભળાતી હોય એવું લાગે છે.

સંજોગો જે હોય તે, મુસલમાને એનાથી માયૂસ ન થવું જોઈએ. દીન ઉપર પોતાની અડગતા અને દીનની હિફાઝત – પ્રસાર માટે આપણી મહેનત અને કુરબાની ચાલુ રહેવી જોઈએ અને અલ્લાહ તઆલા પાસે સારા ભવિષ્યની આશા રાખવી જોઈએ. કયામત કયારે આવશે એ કોઈને ખબર નથી. વર્તમાન સ્થિતિ મુજબ ઘણી વાર એવું લાગે છે કે આ ઘટનાઓ તો હદીસ શરીફમાં

બતાવવામાં આવેલ કયામતની નિશાનીઓ મુજબ જ છે, પરંતુ યાદ રાખવું જોઈએ કે આવા સ્થિતિ ૧૪૦૦ વરસમાં અનેકવાર અનેકવાર ઉદભવી ચૂકી છે, અને કયામતના નજીક હોવાનો આવો જ એહસાસ ત્યારે પણ લોકોમાં હતો, અલબત્ત ત્યાર પછી ઈસ્લામ વધારે મજબૂત થઈને સામે આવ્યો.

વિશ્વમાં આજે અનેક દેશો એવા છે જયાં મુસલમાનો સત્તામાં છે. તેઓ મજબૂત અને શકિતશાળી છે. વિશ્વભરમાં બલકે યુરોપમાં મુસલમાનોની મોટી સંખ્યા વસી રહી છે અને યુરોપ પણ મુસલમાનો માટે એક સલામત 'વતન' બનવા જઈ રહયું છે. ઈસ્લામના ૧૪૦૦ વરસના ઈતિહાસમાં આવો સમય કદાચ કયારેય નથી આવ્યો.

આવી સ્થિતિમાં એક તરફી વિચારીને માયૂસ થઈ જવું અથવા કયામત નજીક સમજીને દીનની તબ્લીગ અને ઈસ્લામની હિફાઝત માટે પ્રયાસો ન કરવા, સમજદાર માણસનું કામ નથી.

આ જ બાબતને કેન્દ્રમાં રાખીને અમુક વાતો આ પુસ્તિકામાં લખવામાં આવી છે. આશા છે કે મુસલમાનોને એનાથી ફાયદો થશે, દીન ઉપર મજબૂતથી અમલ કરવા અને દીન ખાતર વધારે મહેનત કરવાની હિમ્મત અને પ્રેરણા મળશે.

લી. મુફતી અહમદ દેવલા.
મોહતમિમ જામિઅહ જંબુસર.

# ઇસ્લામનું ભવિષ્ય

વાઅઝ, તકરીર કરનારા અને અન્ય ઘણા લોકો કયામત પુર્વેના અંતિમ કાળના ઉલ્લેખ વેળા કયામતની નિશાનીઓને લગતી એવી હદીસો વર્ણવે છે, જેમાં વિવિધ ફિત્નાઓ, બદીઓ, તેમજ દુષણોની વ્યાપકતા અને સદકાર્યો કે નેકીઓના નષ્ટ થઈ જવાનો ઉલ્લેખ છે.

આવી હદીસોનો નિચોડ એ હોય છે કે આ અંતિમ દિવસોમાં કુફ્ર અને ઈસ્લામ વિરોધી શકિતઓનો ડંકો વાગશે, ઈસ્લામ અધોગતિ, અવનતિ અને પડતીનો શિકાર હશે. દુષણો વ્યાપક હશે, સદકાર્યોનું અસ્તિત્વ નહી રહે. બાતિલપરસ્ત, અધર્મીઓ, ઝાલિમો સત્તા પર હશે અને મુસલમાનો, હકપરસ્તો, પરાજિત – પરાધીન હશે. આ બધાનો સાર – સત્વ એ કે આ અંતિમ કાળમાં સુધારણા કે ફેરબદલને કોઈ અવકાશ નહીં રહે, વિશ્વ અંધકારની ગર્તામાં ધકેલાતું જશે, આવનાર દરેક દિવસ વધુ ખરાબ હશે અને અંતે કયામત આવી પુગશે. માટે નેકીઓ અને ભલાઈની મહેનત પણ કોઈ ખાસ અસરકારક અને ઉપયોગી નહીં રહે.

વિચારવાની આ રીત ઘણી જ ખોટી અને ખતરનાક છે.

કયામતની નિશાનીઓ રૂપે અંતિમકાળના દુષણો અને ખરાબીઓ વર્ણવતી આવી હદીસો છે, એ વાત સાચી છે. પરંતુ સાથે જ કુર્આન – હદીસમાં સ્પષ્ટ અને અનિવાર્ય એવી ખૂશખબરો – શુભવાણીઓ પણ છે; જેમાં મુસલમાનો માટે ભવ્યભવિષ્યની આગાહીઓ છે, અલ્લાહના એવા વાયદાઓ છે

કે ઈસ્લામશત્રુઓના ન ચાહવા છતાં અલ્લાહ ઈસ્લામને પ્રભુત્વ આપશે.

કયામતની નિશાનીઓ રૂપી વર્ણવવામાં આવેલ ફિત્નાઓ અને બદીઓ વર્ણવવાનો – વાંચવાનો આશય એ ફિત્નાઓથી બચવું, અન્યોને બચાવવા અને સ્વંય દઢતાથી દીન પર અડગ રહેવાનો છે. માયૂસ – નિરાશ થવું ખોટું છે.

વર્તમાનકાળમાં આવશ્યકતા એની છે કે આવી ખૂશખબરો અને સારી ભવિષ્યવાણીઓનો ઉલ્લેખ કરવામાં આવે. મુસલમાનોમાં એને પ્રચલિત કરવામાં આવે, જેથી એમના દિલોમાં નિરાશાને સ્થાને આશાના કિરણો પ્રગટે. હિંમત અને દઢ્તાનો સંચાર થાય.

અલ્લાહ તઆલાએ આવી અગણિત ભવિષ્યવાણીઓ અને વાયદાઓ મુસલમાનો માટે કર્યા છે. ઘણા બધા તો કુર્આન–હદીસમાં સ્પષ્ટ સ્વરૂપે મોજૂદ છે. ઘણી આગાહીઓ એવી પણ છે, જે આપણે ઈતિહાસના પૃષ્ઠોમાંથી ભુતકાળની ઘટનાઓમાંથી મેળવી શકીએ છીએ. વર્તમાન પણ આપણને આવી આગાહી કરે છે અને મુસલમાનોના ભવ્યભવિષ્ય અને પ્રભુત્વને સમર્થન આપતી ઘણી એવી અન્ય ઘટનાઓ પણ છે, જે અલ્લાહની અણદેખી પ્રાકૃતિક વ્યવસ્થા પ્રમાણે દુનિયામાં ઘટે છે, અને ખુદાના ધાર્યા પ્રમાણે પરિણામો આપે છે.

# કુર્આનમાં વર્ણન કરવામાં આવેલ ખુશખબરો અને ભવિષ્યવાણીઓ

કુર્આનમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે મુશ્રિકો, કાફિરો અને શત્રુઓઓની અનિચ્છા, કાવત્રાઓ અને પ્રપંચો છતાં અલ્લાહ તઆલા ઈસ્લામને અન્ય દરેક ધર્મો ઉપર પ્રભુત્વ આપશે. ઈસ્લામનો સુર્ય સંપુર્ણ પ્રકાશ સાથે પ્રગટ થશે અને દુનિયાને જગમગાવશે.

સુરએ તોબહઃ ૩૨,૩૩માં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

*આ લોકો એમ ઈચ્છે છે કે અમે અલ્લાહના પ્રકાશને અમારી ફૂંકોથી બુઝાવી દઈએ. પરંતુ અલ્લાહ તઆલા પોતાના પ્રકાશને પૂર્ણ કરીને જ રહેશે, ભલેને કાફિરોને આ વાત પસંદ ન પડે. તે અલ્લાહ જ છે, જેણે પોતાના રસૂલને હિદાયત અને સત્યધર્મ લઈ મોકલ્યા છે, જેથી આ ધર્મને બધા જ ધર્મો ઉપર પ્રભાવી કરી દે. ચાહે આ વાત મુશ્રિકોને નાપસંદ પડે.*

કંઈક આ જ પ્રકારની આગાહી સુરહ સફ : ૮–૯માં પણ છે. આ આયતોમાં શત્રુઓના ન ચાહવા છતાં, બલકે સાચા ધર્મ ઈસ્લામ વિરૂદ્ધ એમના પ્રયાસોના વિપરીત અલ્લાહ તઆલાએ પોતાના દીનને ગાલિબ – પ્રભાવી કરવાનો વાયદો કર્યો છે. આયતમાં જ આગળ છે કે આ માટે અલ્લાહે પોતાના રસૂલને પણ હિદાયત લઈને મોકલ્યા છે, જેથી તેઓ હિદાયતના નૂરે ઈલાહી વડે ઈસ્લામને અન્ય સર્વે ધર્મો ઉપર સર્વોપરી કરી દે.

આ જ વાત આપ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસમાં આ પ્રમાણે છેઃ 'અલ્લાહ તઆલાએ મારા માટે

ધરતીના પુર્વ–પશ્ચિમના અંતરને સંકેલી લીધું છે. અને ટુંક સમયમાં મારી ઉમ્મતની સત્તા તે વિસ્તારો સુધી વિસ્તરી જશે, જયાં સુધી મારા માટે અંતર સંકેલી લેવામાં આવ્યું છે.'

ઈમામ અહમદ (રહ.) પોતાની 'મુસ્નદ'માં મસ્ઉદ બિન કબીસા કે કબીસા બિન મસ્ઉદથી રિવાયત કરે છે કે એક વાર લડાઈ દરમ્યાન એમના લશ્કરે ફજરની નમાઝ અદા કરી. નમાઝ બાદ એક નવયુવાને કહયું કે મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કહેતાં સાંભળ્યા છે કે "ટુંક સમયમાં જ પુર્વ–પશ્ચિમના વિસ્તારો સુધી તમારી સત્તા સ્થાપાય જશે અને આ વિસ્તારોના સત્તાધીશોએ જો અલ્લાહની આજ્ઞા ન માની અને પોતાની ફરજો યોગ્ય રીતે ન બજાવી તો જહન્નમને પાત્ર ઠરશે.(મુ.અહમદ:૫/ ૩૬૬)

સુરએ ફતહમાં અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

*તે અલ્લાહ જ છે, જેણે પોતાના રસૂલને હિદાયત અને સત્યધર્મ લઈને મોકલ્યા જેથી આ સત્યધર્મને બીજા બધા જ ધર્મો ઉપર સર્વોપરી કરી દે. અલ્લાહ આ વાયદો પૂરો કરવા ઉપર સક્ષમ સાક્ષી છે. (ફતહ:૨૮)*

સૂરએ નૂરમાં અલ્લાહ તઆલાનો ઈરશાદ છે:

*અલ્લાહ તમારામાંથી ઈમાન લાવનારા અને નેક કાર્યો કરનારાઓથી વાયદો કરે છે કે તેઓને જરૂર ધરતીના વારસ બનાવશે, જેમ એમના આગલા લોકોને વારસ બનાવ્યા હતા. અને જે ધર્મ અલ્લાહે એમના માટે પસંદ કર્યો છે, તેને પણ એમના (ફાયદા) ખાતર દૃઢ – મજબૂત કરી દેશે અને ભયની પરિસ્થિતિ શાંતિમાં પરિવર્તિન કરી દેશે. તેઓ મારી બંદગી કરતા રહે. અને કોઈને મુજ સરીખો ન બનાવે. આ પછી પણ*

*જો લોકો કુફ્ર કરે, તો તેઓ ફાસિક (મહાપાપી) છે."*

ઈબ્ને કસીર (રહ.) ફરમાવે છે : અલ્લાહ તઆલાએ પોતાના રસૂલથી વાયદો કર્યો છે કે તે ઉમ્મતે મુહમ્મદીય્યહ મુસ્લિમહને સરદાર અને શાસક બનાવશે. તેઓ દુનિયામાં ભલાઈ અને સુધારાનું કાર્ય અંજામ આપશે. લોકોને અલ્લાહના આજ્ઞાપાલન અને તેની ઈબાદત – બંદગી કરવા પ્રેરશે અને ધરતી ઉપર ડર–ખોફના બદલે શાંતિ, અને અત્યાચાર – ઝુલમના સ્થાને ન્યાય – સમાનતાની સ્થાપના કરશે.

અલ્લાહના આ વાયદા પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનકાળ દરમ્યાન જ મુસલમાનોએ મકકા, બહરૈન, અરબસ્તાનના અન્ય વિસ્તારો અને યમન, શામના વિસ્તારો પર જીત મેળવી લીધી હતી. મુજરના અગ્નિપૂજકોથી જઝિયો પણ વસૂલ થવા લાગ્યો. રોમના રાજા હિરકલ, મિસર અને ઈસ્કન્દરિયાના રાજા મકૂકિસ. હબ્શહ – ઈથોપિયાના રાજા નજ્જાશી, અને યમનના રાજા; બધાએ આપથી સુલેહ કરવાની તત્પરતા બતાવી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત બાદ હઝ. અબૂબક્ર (રદિ.) મુસલમાનોના ખલીફા બન્યા અને ઈસ્લામની ચળવળને આગળ ધપાવી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અવસાન બાદ ફરી ગયેલા કબીલાઓને સીધા કરી ઈસ્લામનું સ્થાન અરબસ્તાનમાં દઢ્ કરી દીધું. બહાદુર સહાબાના નેતૃત્વ હેઠળ ચારે તરફ વિવિધ સેનાઓ રવાના કરી. હઝ. ખાલિદ બિન વલીદ (રદિ.)ની સરદારીમાં એક ટુકડી ઈરાન તરફ અને હઝ. અબૂ ઉબૈદહ (રદિ.)ના તાબા હેઠળ એક બીજી સેના શામના મોરચે રવાના કરવામાં આવી. ત્રીજી સેના

હઝ. અમ્ર બિન આસ (રદિ.)ના નેતૃત્વમાં મિસર તરફ રવાના કરવામાં આવી. આમ હઝ. અબૂબક્ર (રદિ.)ના સત્તાકાળ દરમ્યાન બસરા, દમિશ્ક, હૂરાન અને બીજા વિસ્તારો ઈસ્લામના પ્રભાવ હેઠળ આવી ગયા.

હઝ. અબૂબક્ર પછી હઝ. ઉમર ફારૂક (રદિ.)નું ભવ્ય નેતૃત્વ મુસલમાનોને માણવા મળ્યું. અંબિયાએ કિરામ પછી આવા દઢ્નિશ્ચયી, ઉચ્ચસંસ્કારી, ન્યાપ્રિય અને પ્રજાહિતકારી વ્યકિતત્વને જોવાનો પહેલો લહાવો હતો. ઈસ્લામી સત્તા હવે વિશ્વ ક્ષિતિજે એક મહાસત્તા બનીને સામે આવી હતી.

ત્યાર બાદ હઝ. ઉસ્માન (રદિ.)ના સમય દરમ્યાન તો પુર્વ – પશ્ચિમના કિનારાઓ સુધી ઈસ્લામનો પ્રકાશ પથરાય ગયો. ભારત અને ચીન સુધી ઈસ્લામની સુવાસ આવી પહોંચી. હઝ. ઉસ્માન (રદિ.)નો કુર્આન સાથેનો લગાવ, કુરઆનના રક્ષણ કાજે તેમણે કરેલા પ્રયાસો અને તેમના અમલની આ બરકત હતી.

આમ વિવિધ સમયે અલ્લાહ તઆલાએ મુસલમાનો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જે વાયદો કર્યો હતો એ પૂરો થયો જ છે.

અલ્લાહનો આ વાયદો સાચો હોવાની સાથે સદાકાળી પણ છે. ચારેવ ખલીફાઓના દોરમાં પૂરો થયેલ આ વાયદો આજે પણ અલ્લાહ તઆલા પૂરો કરી શકે છે, કારણ કે અલ્લાહનો ઈરશાદ છે કે તેનો વાયદો સાચો જ હોય છે. હા; તેના માટે આવશ્યક – અનિવાર્ય શરતો અને યોગ્યતાને પાત્ર હોવું આપણું કામ છે.

# અંબિયા અલૈ.ના જીવનપ્રસંગો

***મોમિનો અને ગેરમુસ્લિમોનો અંજામ***

કુર્આનમાં વર્ણન કરવામાં આવેલ અંબિયાએ કિરામ (અલૈ.)ના પ્રસંગો, હકપરસ્તો – મોમિનો સાથે અલ્લાહના ઉપકારનું વર્ણન અને પાછલી કોમોની દાસ્તાનો પણ આપણા માટે શુભસંકેત સમાન છે, જેમાં સ્પષ્ટ રીતે અધર્મીઓ અને મુશ્રિકોના બુરા અંજામનો ઉલ્લેખ છે. અલ્લાહ તઆલાએ અંબિયા (અલૈ.)ના વિરોધમાં ઉતરેલી અતિશકિતશાળી કોમોને પણ પલકવારમાં નેસ્તનાબૂદ કરી દીધી.

ફિરઓન, હઝ.મુસા(અલૈ.) વિરૂદ્ધ ઘણી શકિતશાળી કોમનો બાદશાહ હતો. સ્વંય પોતાને ખુદા કહેતો હતો, હઝ. મુસા (અલૈ.)ની કોમને ગુલામ બનાવીને આખી કોમથી મજૂરીનું કામ લેતો હતો. તેમને અંદરોઅંદર લડાવીને કમઝોર કરી તેમના ઉપર પોતાનું વર્ચસ્વ બાકી રાખવાની પોલીસી અપનાવી હતી. નવા પેદા થનાર છોકરાઓને મારી નાંખતો અને છોકરીઓને જીવતી રહેવા દેતો. વગેરે.

કુર્આનમાં આ બધું વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે; પરંતુ જયારે અલ્લાહે ઈચ્છયું કે હવે બહુ થયું, ફિરઓનને એના કરેલાનું ફળ મળે, અશકતો અને નિરાધારોને વહારે પહોંચવામાં આવે, તો હઝ. મુસા (અલૈ.) અને તેમની કોમ બની ઈસરાઈલ માટે વહેતા દરિયાને અટકાવીને તેમાં સૂકા રસ્તા બનાવી દીધા અને પીછો કરતાં કરતાં જયારે ફિરઓન અને તેનું લાવ લશ્કર આ જ રસ્તાઓ પર આવ્યું તો રસ્તાઓ પર પાણી ફરી વળે છે અને આખી સેના સહિત ફિરઓનને ડૂબાડી અંજામે પહોંચાડી

દેવામાં આવે છે. અને પછી એક અશકત અને નિરાધાર ગણાતી કોમને અલ્લાહ ધરતીનો વારસદાર બનાવે છે.

અલ્લાહનો ઈરશાદ છે :

*'મોમિનોની મદદ કરવી અમારા માટે જરૂરી છે.' (રૂમ:૪૭)*

બીજી એક જગાએ છે:

*પછી (જયારે સમય આવી જાય ત્યારે અમે અમારા રસૂલો અને ઈમાનવાળાઓને બચાવી લઈએ છીએ.અને આમ કરવું અમારા માટે અનિવાર્ય છે." (યૂનુસ : ૧૦૩)*

સૂરએ હજ: ૩૮માં અલ્લાહ તઆલા ફરમાવે છે:

*ઈમાન વાળાઓનો અલ્લાહ બચાવ કરે છે, એમાં શંકા નથી.*

સૂરએ બકરહમાં છે :

*અલ્લાહ ઈમાન લાવનારોઓનો સહારો છે, એમને અંધકારથી પ્રકાશ તરફ દોરી લાવે છે. '(બકરહ: ૨૫૨)*

એક જગાએ શત્રુઓને સંબોધીને ખુદા તઆલા ફરમાવે છે :

*તમને તમારૂં જૂથ મોટું હશે તો પણ કંઈ કામ ન આવશે. અને મોમિનો જોડે તો અલ્લાહ છે." ( અનફાલ: ૧૯)*

***<u>આગળ વધતાં પહેલાં...</u>***

અલ્લાહ તરફથી દર્શાવવામાં આવેલ આ આગાહીઓ કે ભવિષ્યવાણીઓ વાંચતા – વિચારતાં એક બીજી વાત પણ સામે રાખવી જરૂરી છે.

મોમિનો માટે આટલા સ્પષ્ટ શબ્દોમાં જીત અને સફળતાના વાયદાઓ છતાં ઘણીવાર મુસલમાનો ઉપર ઘણા કપરા સંજોગો અને આઘાતજનક પરિસ્થિતિ આવી પડે છે. જીત–પ્રભુત્વ, મદદ કે સફળતાની તો વાત દૂર રહી, બિચારો મોમિન અને મુસલમાન ઉલટું કષ્ટો, આપત્તિઓ અને શત્રુઓના હાથે

અત્યાચારનો શિકાર બની જાય છે. આવા સમયે નિરાશ થવા, ભાંગી પડવા કે અલ્લાહના અફર, અટલ વાયદાઓ પરત્વે યકીન અને શ્રદ્ધા ડગમગાવી દેવાની જરૂરત નથી. રાહે હક અને હિદાયતના માર્ગ ઉપર ચાલનારાઓએ જાણી લેવું જોઈએ કે જયારે કદી ધર્મના અનુસરણ અને ધર્મના પ્રચાર એટલે કે તબ્લીગે ઈસ્લામના માર્ગમાં કષ્ટો, દુઃખો, કે આપત્તિઓનો અવરોધ આવે, (બલકે પ્રાણ જોખમમાં મુકાય જાય) તો સમજવું જોઈએ કે હવે અલ્લાહની સહાય અને મદદ વધુ નિકટ આવી પહોંચી છે.

અલ્લાહ ફરમાવે છેઃ

*'શું તમે એમ સમજી લીધું છે કે જન્નતમાં જઈ પહોંચીશું ? હજુ તો તમારા ઉપર એવી કોઈ સંગીન પરિસ્થિતિ નથી આવી, જેવી તમારાથી આગલા લોકો ઉપર આવી હતી. તેમના ઉપર કષ્ટો અને દુઃખો આવ્યા, અને એટલી હદે હચમચાવવામાં આવ્યા કે (તે સમયના) રસૂલ અને તેમની જોડે ઈમાન લાવનારાઓ પુકારી ઉઠયા કે અલ્લાહની સહાય કયારે આવશે? (આટલું બધું થયા પછી) તેમને કહેવામાં આવ્યું કે હા ! હવે અલ્લાહની સહાય નિકટ છે.' (બકરહઃ ૨૧૪)*

એટલે કે અલ્લાહની સહાય, મદદ, સમર્થન મેળવતાં પહેલાં કસોટીના એવા આકરા તબક્કાઓથી પસાર થવું પડે છે, જેમાં આગલા નબીઓ અને તેમની ઉમ્મતોને પણ પસાર થવું પડયું હતું અને આગલા લોકોની કસોટી તો એટલી સખત હતી કે રસૂલ જેવા રસૂલની પ્રતીક્ષાનો બંધ તુટવા માંડયો, અને બોલી ઉઠયા કે 'આખર અલ્લાહની મદદ હમણા નહીં આવે તો પછી કયારે?' આટલું બધું થયા બાદ અલ્લાહ તરફથી સાંત્વન

આપતાં કહેવામાં આવે છે કે માનવીય સ્વભાવ પ્રમાણે ઉતાવળા ન થાઓ, કસોટીમાંથી પસાર થઈ જાઓ, પછી જુઓ અલ્લાહની મદદ સામે જ છે.

આ ઉપરથી સમજી શકાય છે કે આગલી કોમોની કેવી આકરી પરીક્ષા કરવામાં આવી હશે અને મદદ માટે તેમનાથી કેટલી પ્રતીક્ષા કરાવવામાં આવી હશે ! રસૂલની ધીરજ ખુટવા લાગે, ઈન્તેજારનો અંત આવી લાગે, એ અલ્લાહની અજમાયશના કપરા અને દીર્ઘ હોવા વિષે ઘણું બધું કહી જાય છે. કુર્આનમાં જ એક બીજી જગ્યાએ આગલા રસૂલો અને તેમની ઉમ્મતોની આવી પરિસ્થિતિ, કષ્ટોની કસોટી લાંબી ચાલવા અને માનવીય સ્વભાવ પ્રમાણે અલ્લાહની મદદના વાયદાને વહેલો સમજી લેવાનું વર્ણન આ પ્રમાણે છે :

*'જયારે વાત એટલે સુધી પહોંચી કે રસૂલો નિરાશ થઈ જવા લાગ્યા, અને સમજ્યા કે આપણે (અલ્લાહની મદદના વાયદામાં) જુઠા પડીશું, ત્યારે અમારી સહાય પહોંચી, હવે અમે જેને ઈચ્છીએ તેને બચાવી લઈએ છીએ, અને ગુનેહગારો પરથી તો અમારો અઝાબ ટળવાનો નથી.'*

અલ્લાહની વિષેશ મહેરબાની, કેળવણી અને નિગરાનીમાં રહેતા રસૂલો, જેમને શકિત, હિંમત, શુરવીરતા અને ધીરજની માત્રા પણ એક સામાન્ય માનવી કરતાં કેટલીયે ગણી વધારે મળતી હોય છે, તેઓ પણ હતાશ થવા આવી જાય, વિચારવા જેવું છે કે કેટલા લાંબા સમય સુધી અલ્લાહે તેમને અજમાયશમાં રાખ્યા હશે, હઝ. નૂહ (અલૈ.) વિષે તો ૯૫૦ વર્ષનો સ્પષ્ટ ઉલ્લેખ પણ કુર્આનમાં છે, આટલા વરસોની મહેનત અને આકરી કસોટી પસાર કર્યા બાદ તેમની કોમ ઉપર અઝાબ

આવ્યો અને ગણતરીના અમુક માણસો સાથે તેમને બચાવી લેવામાં આવ્યા. આટલા વરસોમાં તેમના પર શું વીતી હશે, તેની કલ્પના પણ શકય નથી.

હઝ. ઈબ્રાહીમ (અલૈ.)ને એકવાર જીવતા આગમાં ભુંજી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. બીજી વાર પુત્રને કાપી નાખવાની આજ્ઞા થઈ, હઝ. યૂનુસ (અલૈ.)ને માછલીના પેટમાં જીવતા પધરાવી દેવામાં આવ્યા, વગેરે...

મુસીબત અને અજમાયશ ટાણે આ તો અંબિયાનો અહેવાલ કુર્આનમાં વર્ણવવામાં આવ્યો છે. આવા સમયે સામાન્ય માણસો ઉપર શી વીતતી હશે, તેની તો માત્ર કલ્પના જ કરવી રહી.

આમ છતાં .. આટલી બધી આજમાયશ પછી અલ્લાહ તઆલાએ આ નબીઓને અને એમને માનનારાઓને ફતેહ આપી એ પણ નક્કી છે. દુશ્મનોને સજા અને અઝાબ આપીને દુનિયામાં પણ એમને એમના કરતૂતોનું ફળ ચખાડયું. જે બતાવે છે કે આખર સફળતા અને ફતેહ અલ્લાહ અને એના રસૂલને માનનારાઓની જ થાય છે.

# અલ્લાહ તઆલા તરફથી શત્રુઓના પ્રપંચો અને ચાલોને નિષ્ફળ બનાવવાનો વાયદો

એક વાયદો તો અલ્લાહનો મોમિનો અને મુસલમાનોની મદદ કરવાનો છે. બીજો વાયદો આ છે કે અલ્લાહ તઆલા શત્રુઓની ચાલો, પ્રપંચોને નિષ્ફળ બનાવશે અને એવી રીતે શત્રુઓને તેમના જ ખોદેલા ખાડામાં ધકેલી દેશે.

સૂરએ તારિકમાં કહેવામાં આવ્યું છે :

[illegible]

*આ (મક્કાના કાફિરો) દાવપેચ રમી રહયા છે, હું પણ એક યોજના બનાવી રહયો છું. તમે હે નબી ! એમને જરા એમની હાલત ઉપર છોડી દયો. (તારિક : ૧૫)*

બીજી જગ્યાએ છે :

[illegible]

*તેઓ પોતાની ચાલ રમી રહયા છે અને અલ્લાહ પોતાની યોજના બનાવી રહયો છે અને અલ્લાહ તો સર્વશ્રેષ્ઠ યોજના – ચાલ ઘડનાર છે. (અનફાલ:૩૦)*

સ્પષ્ટ છે કે અલ્લાહની સામે કોની ચાલ સફળ નિવડી શકે છે ? કોળિયો ગળી જતી માછલી ખોરાક મળવા ઉપર ખુશ થાય છે પરંતુ થોડી જ વારમાં તેને ભાન થઈ જાય છે કે આ તો શિકારીનો કાંટો છે. આ જ વાત કુર્આનમાં એક જગાએ હઝરત મુસા (અલૈ.)નો એક પ્રસંગ ટાંકીને કહેવામાં આવી છે.

હઝરત મૂસા (અલૈ.)એ ફિરઔન પાસે જઈને અલ્લાહની નિશાની રૂપે લાકડી ફેંકી તો તે સાપ બની ગઈ, ફિરઔન

સમજયો કે આ જાદૂ છે. એટલે મુકાબલા માટે દેશભરમાંથી જાદૂગરોને ભેગા કર્યા. જાદૂગરોએ પોતાના દોરડાં ફેંકયા તો બધા જ સાપ બની સળવળવા લાગ્યા. આ જોઈને હઝરત મૂસા (અલૈ.) એ કહયું :

*હઝરત મૂસા (અલૈ.)એ કહયું કે તમે જે કંઈ લઈને આવ્યા છો એ જાદૂ છે. અલ્લાહ તઆલા હમણા એને બેકાર કરી દેશે. કારણ કે અલ્લાહ ફસાદીઓના કાર્યને કદી સુધારતો નથી અને પોતાની નિશાનીઓ વડે સત્યને સ્થપિત કરીને રહે છે ભલે ને પછી પાપીઓને એ પસંદ ન પડે. (યુનૂસઃ૮૧–૮૨)*

ઉપરની આયતોમાં અલ્લાહ તઆલાએ શત્રુઓના દાવપેચ સામે પોતાના દાવ ચલાવવાની વાત કહી છે. એટલે કે તેમની ચાલો નિષ્ફળ કરવા ઉપરાંત ઉલટાનું તેમને જ ફસાવી દેવાનો પોતાનો નિયમ વર્ણવ્યો છે. ઈતિહાસના પુષ્ઠોમાં કેટલીયે જગ્યાએ આના ઉદાહરણો જોઈ શકાય છે.

અલ્લાહની યોજના કે દાવને સમજવું કોના બસની વાત છે ? પછી એના પ્રતિકારની તો વાત જ કરવી રહી. શત્રુ પોતાની ફતેહ સમજીને આગળ જ વધ્યે જાય છે, પરંતુ તેને અણસાર સુદ્ધાં નથી આવતો કે તે અલ્લાહની જાળમાં ખુંપી રહયો છે. એક જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે :

*નિશંક હક ⇳ સત્ય નો ઈન્કાર કરનારાઓ પોતાનો માલ ખર્ચે જાય છે, જેથી લોકોને અલ્લાહની રાહથી રોકે. આમ તેઓ હજુ*

*પણ ખર્ચશે પછી આ જ ખર્ચ એમના માટે અફસોસનો સબબ બનશે અને પછી પરાજિત થશે. (અનફાલ : ૩૬)*

એટલે કે અલ્લાહ તઆલા પ્રથમ ધીરે ધીરે એમની માલ–મત્તા ખતમ કરશે અને પછી સાવ પાંગળા કરીને ભુતકાળની આવી ભૂલો ઉપર અફસોસ કરતા કરી મુકશે પછી છેલ્લે ખતમ કરી દેવામાં આવશે. 'ન ખુદાહી ભલા ન વિસાલે સનમ'.

### એક ચેતવણી

જેમ કે ઉપરની આયતોથી જાણવા મળ્યું, મુસીબતોના અંતે સફળતા અને જય મુસલમાનોને જ પક્ષે રહેશે, એવો અલ્લાહનો વાયદો છે. શત્રુઓના પ્રપંચોને તોડીને પોતાના ફરમાબરદારોની સહાય કરવાનું અલ્લાહે વચન આપ્યું છે. સાથે જ શત્રુઓને ચેલેન્જ પણ કે તમારાથી બનતા પ્રયત્નોએ પણ તમે અમારી સામે ટકી શકવાના નથી. પરંતુ અહિંયા એ ન ભૂલવું જોઈએ કે મુસીબતો, કષ્ટો, યાતનાઓ અને અજમાયશોમાં અડગ રહેવું, સાબિત કદમ અને ધૈર્યપૂર્ણ રહેવું, અલ્લાહની મદદ મેળવવા માટે અતિ આવશ્યક છે. નાની અમથી મુસીબતથી ગભરાયને દીન અને ધર્મના પાલવને ખંખેરી નાંખવાથી છેવટે નુકસાન ધર્મ, રસૂલ કે ખુદાનું નહીં માણસનું જ છે, એ સ્પષ્ટ છે. આ જ વાત કુર્આનમાં એક જગાએ આ પ્રમાણે છે :

સૂરએ માઈદહમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

*હે ઈમાનવાળાઓ ! તમારામાંથી જે કોઈ પોતાના (આ) ધર્મથી ફરી જશે તો (ઈસ્લામનું કંઈ નુકસાન નથી, કારણ કે) ટૂંક સમયમાં જ અલ્લાહ એવી કોમને (તમારી જગ્યાએ) લાવી ઊભી કરશે કે, જેઓને અલ્લાહ ચાહતો હશે અને તેઓ તેને ચાહતા હશે. તેઓ મુસ્લિમો પ્રત્યે મહેરબાન (અને) કાફિરો*

*પર જોરાવર હશે, (કે તેઓની સાથે) અલ્લાહના માર્ગમાં લડતા રહેશે અને (એ બાબતમાં) તેઓ કોઈ ઠપકો આપનારના ઠપકાથી (જરા પણ) ડરશે નહિ; આ બધી અલ્લાહ તઆલાની મહેરબાની છે. તે ચાહે તેને આપે અને અલ્લાહ ઉદારતાવાળો (તેમજ) સઘળું જાણનાર છે. (૫૪)*

**અન્ય એક સ્થળે અલ્લાહ તઆલા ફરમાવે છે :**

*જો તમે મોઢું ફેરવી લેશો (અમારા આદેશો માનશો નહીં) તો અલ્લાહ તઆલા તમારા સિવાય બીજી કોમને લઈ આવશે. અને તે તમારા જેવી (નાફરમાન) ન હશે.(સૂ. મુહમ્મદ : ૩૮)*

**સૂરએ નિસાઅ ૧૩૩ અને સૂરએ ઈબ્રાહીમ ૧૯–૨૦ માં પણ અલ્લાહ તઆલાએ આ જ પ્રમાણે ચેતવણી આપી છે.**

**એટલે જ માણસ માટે જરૂરી છે કે પોતાના જીવનને અલ્લાહ તઆલાના આદેશો પૂરા કરવાની અનમોલ તક સમજે અને અલ્લાહ તઆલાની ઈબાદત અને ફરમાબરદારી માટે પૂરી મહેનત કરે. અલ્લાહ તઆલાની નાફરમાની અને એના હુકમોના અનાદર કરવાથી દૂર રહે. કયાંક એવું ન થાય કે આ નેઅમત પણ છીનવી લેવામાં આવે, આપણે અલ્લાહ તઆલાની નજરોમાં નાફરમાન ઠરીએ અને પછી અલ્લાહ તઆલા એના વાયદા અને નિયમ મુજબ એના આદેશ માનતા હોય અને ફરમાબરદારી કરતા હોય એવા નિખાલસ અને આજ્ઞાકારી બંદાઓને સામે લાવે, એમના ઉપર અલ્લાહ તઆલા ઈસ્લામના દરવાજા ખોલી દે, તેઓ ઈસ્લામ અપનાવીને અલ્લાહ તઆલાના આદેશો ઉપર પોતે પણ અમલ કરે અને અન્યોને પણ દાવત આપે અને આપણે આપણી નાફરમાનીના કારણે અલ્લાહના દરબારમાંથી હડધૂત થઈ જઈએ..**

# હદીસ શરીફમાં વર્ણવવામાં આવેલ ખૂશ ખબરો - ભવિષ્યવાણીઓ

હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈરશાદ ફરમાવેલ એવી કેટલીયે હદીસો છે જેમાં ઈસ્લામનના ભવ્યાતિભવ્ય ભવિષ્યની આગાહીઓ છે. આવતી કાલ મુસલમાનોની હોવાનો સંદેશ છે. આ બધું આપ (સલ.)ના મુખે અલ્લાહ તઆલાએ જ ફરમાવ્યું છે. ભવિષ્ય ભાખવું આપનું કામ ન હતું. અલ્લાહ તઆલાએ જ તેના રસૂલને જાણ કરી અને તેમણે આપણને બતાવ્યું.

અત્રે અમુક એવી હદીસો વર્ણવીએ છીએ, જેનાથી સ્પષ્ટ થાય છે મુસલમાનો વિશ્વમાં સદાએ આગળ જ રહેવાના છે. અને અલ્લાહ તઆલાના આદેશો માનશે, સાચા મુસલમાન બનીને રહેશે તો એમને પ્રભુત્વ અને સત્તા મળશે એ અલ્લાહ તઆલાનો પાકો વાયદો છે.

***(૧) સમસ્ત વિશ્વમાં ઈસ્લામનું પ્રભુત્વ.***

હઝરત તમીમ દારમી (રદિ.) રિવાયત કરે છે કે એમણે રસૂલુલ્લાહ (સલ.)ને કહેતા સાંભળ્યા કે,

*જ્યા રાત દિવસ પહોંચે છે ત્યાં સુધી ઈસ્લામની પહોંચ થશે. ધરતી પરના દરેક કાચા – પાકા ઘરમાં આ ધર્મ પહોંચી જશે. ઈસ્લામને આવકારનાર સજ્જન અને વડીલ હશે અને ઈસ્લામને અવગણનાર અપમાનિત – હડધૂત થશે. અલ્લાહ તઆલા સાથેના સંબંધના પ્રતાપે જ માન – મોભો મળશે અને કુફ્રના કારણે અપમાન અને તિરસ્કાર મળશે. (મુસ્નદે અહમદ)*

આ હદીસ શરીફમાં જયાં જયાં સુર્યપ્રકાશ પહોંચે છે અને રાત દિવસનો ક્રમ ચાલે છે, એટલે કે આખા વિશ્વમાં ઈસ્લામ પહોંચવાની આગાહી છે. અને આજે સ્થિતિ આ છે કે વિશ્વનો કોઈ ખુણો એવો નથી જયાં મુસલમાનો ઓછી વધતી સંખ્યામાં મોજૂદ ન હોય. દૂર સુદૂર વિશ્વના ઘણા દેશો અને પ્રદેશો એવા છે જયાં ઈસ્લામ પહોંચાડવા માટે મુસલમાનોએ ઈરાદાપૂર્વક કોઈ પ્રયાસો નથી કર્યા. વેપાર, ફરવા કે નોકરી અર્થે પરદેશ જનારા મુસલમાનોને ખ્યાલ પણ ન હશે કે અમે અમારી સાથે ઈસ્લામને પણ આટલા દૂર સુધી લઈ જઈએ છીએ... ખરી રીતે જોઈએ તો વિશ્વભરમાં ઈસ્લામના પ્રચાર અને પરિચય પાછળ મહત્વનું પરિબળ આપણા પ્રયાસો નહીં, બલકે અલ્લાહ તઆલાની કુદરત અને હદીસ શરીફની આ આગાહી જ છે.

આ બાબત દર્શાવે છે કે સામુહિક પ્રયાસો વગર વ્યકિગત રીતે પણ ઈસ્લામની તબ્લીગ થઈ શકે છે. માટે જ જરૂરી છે કે માણસ વ્યકિગત રીતે પૂર્ણ મુસલમાન બની જાય તો એના થકી પણ ઈસ્લામના પરિચય અને પ્રસારનું ઘણું કામ થઈ શકે છે.

હવે વિચારીએ કે જો આપણે પાકી નિય્યત અને પૂરા આયોજન સાથે ઈસ્લામના પરિચય અને પ્રચાર માટેના થોડાક પ્રયાસો પણ કરીએ તો એનું કેટલું મોટું ફળ મળી શકે છે ?

હઝરત મિકદાદ બિન અસ્વદ (રદિ.) રિવાયત કરે છે કે મેં અલ્લાહના રસૂલ (સલ.)ને ફરમાવતા સાંભળ્યા કે ધરતી ઉપર માટી કે પથ્થરનું એટલે કે કાચું – પાકું કોઈ ઘર એવું ન રહેશે જયાં ઈસ્લામ ન પહોંચી જાય. ઈસ્લામથી સંબંધ માન – સન્માનનું પ્રતિક અને એની અવગણના પછાતપણાનું પ્રતિક હશે. (મુસ્નદે અહમદ)

રાત – દિવસની પહોંચ સુધી ઈસ્લામના પહોંચવાનો મતલબ છે : આખા વિશ્વમાં પ્રસરી જવું, કાચા ઘરો એટલે કે ગામડાઓ અને પાકા ઘરો એટલે શહેરો એટલે કે આખા વિશ્વમાં ગામ, શહેર, નગર બધે જ ઈસ્લામ પહોંચશે.

ઈસ્લામે જે સમયે પ્રસરવાનું શરૂ કર્યું ત્યારે જગતમાં અસ્તિત્વ ધરાવતા બધા જ ધર્મો ઉપર તેણે સત્તાકીય રીતે અથવા વૈચારિક રીતે પ્રભુત્વ જમાવી દીધું. દૂરના અમુક વિસ્તારો અમુક સદીઓ સુધી તેની પહોંચથી બહાર રહયા તો હવે આજે ત્યાં પણ ઈસ્લામ દીન – પ્રતિદિન ફેલાય રહયો છે. ઈસ્લામની આ જીત તેના ઉદયકાળથી લઈને આજ સુધી બાકી છે, બલકે તેના પ્રસારમાં ઉત્તરોત્તર વધારો સુચવે છે કે અન્ય તમામ ધર્મો કરતાં તે સૌથી વધુ મજબૂત પરિસ્થિતિમાં છે.

આ જ વાત સૂરએ તૌબા, આયત : ૩૩ માં કહેવામાં આવી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

*'અલ્લાહે તેના રસૂલને સત્યધર્મ અને હિદાયત લઈને મોકલ્યા છે. જેથી તેને અન્ય બધા ધર્મો ઉપર સર્વોપરી કરી દે.*

આપણે સૌ રાહ જોઈએ કે હવે વહેલી તકે અલ્લાહનો આ વાયદો સંપૂર્ણ રીતે પૂર્ણ થાય અને અલ્લાહ તઆલા જરૂર પોતાના આ વાયદાને પૂરો કરીને રહશે.

અત્રે એક બાબતની ચર્ચા કરવી જરૂરી છે.

મોટા મોટા ઉલમા, મુસ્લિમ વિદ્વાનો અને ઈસ્લામિક ફિલોસફરોએ પણ આ બાબતે વિસ્તારથી ચર્ચા કરી છે.

વિચારવાનો મુદ્દો આ છે કે કુરઆન અને હદીસમાં જયાં પણ ઈસ્લામના પ્રભુત્વની વાત આવી છે, મુસલમાનોને ઈમાન લાવવા, નેક આમાલ કરવા અને દીનની દાવતની મહેનતના ફળ

સ્વરૂપે સફળતા અને જીતની જે ખુશખબરી આપવામાં આવી છે, એનો મતલબ શું ?

શક્ય રીતે એના ત્રણ મતલબ હોય શકે છે :

(૧) ફક્ત સત્તા અને રાજકીય પ્રભુત્વ મુસલમાનોને આપવામાં આવે.

આવી જીત અને પ્રભાવ કોઈ ગર્વની બાબત નથી. વિશ્વમાં અનેક ઝાલિમો એવા આવ્યા જેમણે ઝુલમના જોરે લોકો ઉપર હુકૂમત કરી પણ થોડા સમય પછી તેઓ એવા પછડાયા કે આજે એ ઝાલિમ શાસકો, એમની હુકૂમત અને ઝુલમી રીતે એમણે બનાવેલા કાયદાઓને કોઈ જાણતું પણ નથી. ઈસ્લામ ઉપર અમલ કરવાના વાયદા અને ફળ સ્વરૂપ જે જીત અને પ્રભુત્વનો વાયદો અલ્લાહ તઆલાએ ફરમાવ્યો છે, તે આવી જીત અને સત્તાનો વાયદો નથી.

(૨) વૈચારિક પ્રભુત્વ આપવામાં આવે. એટલે કે ઈસ્લામના આદેશો અન્ય ધર્મોના આદેશો કરતાં અક્કલ, બુદ્ધિ, વહેવાર, આચરણ અને અમલની રીતે માનવી અને માનવતા, સંસાર અને વહેવાર સાથે બંધબેસતા હોય. એને માનનારા પોતાના ધર્મ ઉપર આત્મસંતોષ અને સાચી અકીદત – શ્રદ્ધાથી અલમ કરે.

અન્ય ધર્મોના માનનારા એમના ધાર્મિક આદેશોને આંધળી શ્રદ્ધા અને ફકત એક ક્રિયાકાંડ સમજીને એને માને અને અનુસરે છે. ધર્મ ઉપર અમલ કરીને એમને કોઈ વિશેષ સંતોષ નથી થતો. તેઓ પોતે પણ ધાર્મિક ક્રિયાકાંડોને ઉટપટાંગ અથવા તો બુદ્ધિ બહારની બાબત સમજતા હોય છે.

આ આધારે ઈસ્લામ તેના અસ્તિત્વના પહેલા દિવસથી લઈને આજ સુધી સર્વોપરી છે. અન્ય બધા જ ધર્મો ઉપર

ગાલિબ અને પ્રભાવી છે. અન્ય દરેક ધર્મના લોકો ઈસ્લામની ખૂબીઓને સ્વીકારે છે, માનવીના દુન્યવી જીવન મુજબ ઈસ્લામને જ વધારે વહેવારુ અને અમલપાત્ર સમજે છે. અમુક – તમુક કારણો અને પૂર્વગ્રહોના કારણે તેઓ ઈસ્લામ નથી સ્વીકારતા તે ઓર બાબત છે.

(૩) ઈસ્લામ ઉપર અમલ કરવાના ફળ સ્વરૂપે મુસલમાનોને અલ્લાહ તઆલા ઉપરોકત બન્ને પ્રકારનું પ્રભુત્વ અને જીત આપશે. એટલે કે મુસલમાનો પાસે રાજકાજ અને સત્તા પણ હશે અને ઈસ્લામના નિયમો, સિદ્ધાંતો વિશ્વમાં પ્રચલિત અન્ય નિયમો, સિદ્ધાંતો અને જીવનશૈલીઓ કરતાં શ્રેષ્ઠ, સર્વોપરી અને અમલપાત્ર હશે.

આવી જીત અને સફળતા પણ વિવિધ કાળે અલ્લાહ તઆલા તરફથી મુસલમાનોને આપવામાં આવી છે. ઈસ્લામના આગમન પછી તુરંત સદીઓ સુધી બલકે આજ સુધી વિશ્વના અનેક દેશો ઉપર ઈસ્લામની હુકૂમત ચાલતી આવી છે. આજે ફક્ત ઈસ્લામ જ એવો ધર્મ છે જેના આદેશો ઓછા વધતા પ્રમાણમાં અનેક દેશોમાં અમલમાં છે. મલેશિયા જેવા અત્યંત વિકસિત અને આધુનિક દેશમાં પણ ઈસ્લામના અનેક મહત્વના આદેશો દેશના બંધારણ અને અદાલતી કાનૂનમાં શામેલ છે.

ઈસ્લામ સિવાય કોઈ પણ ધર્મના આદેશો અને સિદ્ધાંતો આજે કોઈ પણ દેશ કે સત્તામાં બંધારણીય રીતે અમલી નથી. સમખાવા પૂરતી એક બે વસ્તુઓ સાંકેતિક રીતે અમુક દેશોમાં ધર્મના નામે દેશના કાયદામાં શામેલ છે.

***(૨) યુરોપમાં ઈસ્લામનું પુનરોત્થાન અને રોમની જીત***

*હઝરત ઈમામ અહમદ (રહ.) અબૂ કુબેલ (રહ.)થી*

*વર્ણવે છે. તેઓ કહે છે કે અમે અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ (રદિ.) પાસે મોજૂદ હતા, એ દરમ્યાન કોઈએ તેમનાથી પુછયું કે કુસ્તુન્તુનિયા(વર્તમાન ઈસ્તાંબુલ) અને રોમ, બેમાંથી પહેલાં કયું શહેર જીતવામાં આવશે ? હઝરત અબ્દુલ્લાહ (રદિ.) એ એક પેટી મંગાવી, એમાંથી એક લખાણ કાઢીને કહેવા લાગ્યા : અમે જયારે રસૂલુલ્લાહ (સલ.)ની મજલિસમાં હોતા તો અમુક વાતો લખી લેતા હતા. આપ(સલ.)થી એક માણસે પૂછયું કે કુસ્તુન્તુનિયહ અને રોમમાંથી પહેલાં કયું શહેર જીતવામાં આવશે ? તો આપ(સલ.)એ ફરમાવ્યું હિરક્લનું શહેર પહેલાં જીતવામાં આવશે.*

રોમથી મુરાદ આજના ઈટાલીનું પાટનગર છે અને કુસ્તુન્તુનિયહ એ આજનું ઈસ્તાંબુલ છે.

આ હદીસથી મા'લૂમ પડે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની અગાઉની આગાહીઓ દ્વારા સહાબા એટલું તો નક્કી જાણતા જ હતા કે આ બન્નેવ શહેરોના લોકો ઈસ્લામમાં આવનાર જ છે પરંતુ તેઓ જાણવા માંગતા હતા કે એમાંથી પહેલું કયું શહેર ઈસ્લામના વર્તુળમાં પ્રવેશશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેનો ઉત્તર આપતાં કહયું કે પહેલાં ઈસ્તાબુલ ઈસ્લામના ખોળામાં આવશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લની આ ભવિષ્યવાણી ૨૦ જમાદીયુલ અવ્વલ ૮૫૭ હીજરી, ૨૯, મે, ૧૪૫૩ ઈસ્વીમાં પૂરી થઈ જયારે ફકત ત્રેવીસ વરસના યુવાન કમાંડર મુહંમદ બિન મુરાદે આ શહેર પર જીત મેળવી.

***એક દિલચસ્પ હકીકત***

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતના

ફક્ત ૮૦ વરસ પછી  હિજરી સન ૯૨, ઈસ્વી સન ૭૧૧ એપ્રિલમાં મુસલમાનો સ્પેનમાં દાખલ થયા. યુરોપમાં ઈસ્લામનો આ પહેલો કદમ હતો. ત્યાર પછી સદીઓ સુધી અહિંયા મુસલમાનોની હકૂમત રહી. આ દરમિયાન સ્પેનથી આગળ વધવાના પણ અનેક પ્રયાસો થયા. વર્તમાન ફ્રાંન્સના મધ્ય સુધી મુસલમાનોએ જીત મેળવી લીધી હતી. હિજરી સન ૧૧૪ ઈસ્વી સન ૭૩૨ માં ફ્રાંન્સના મધ્યે વર્તમાન (Tours) શહેરની પાસે એક મોટી લડાઈ થઈ અને ખુદાનું કરવું કે એમાં મુસલમાનોને કારમી હાર જોવી પડી.

ઘણી મોટી સંખ્યામાં મુસલમાનો શહીદ થવાના કારણે અ[illegible] કહેવામાં આવે છે. અંગ્રેજીમાં આ લડાઈને (Battle of Tours) કહેવામાં આવે છે.

ઈતિહાસકારો કહે છે કે આ લડાઈમાં મુસલમાનોની જીત થાત તો ત્યાંથી આગળ આખા યુરોપ, બ્રિટન અને રોમ ઉપર પણ કબજો કરી લેવો આસાન હતો. હારના કારણો ગમે તે હોય, પણ હદીસ શરીફની આગાહી મુજબ અલ્લાહ તઆલાની તકદીરમાં પહેલાં ઈસ્તાંબુલની ફતેહ થવાનું લખાયેલ હતું, અને હજુ એનો સમય આવ્યો ન હતો. ઈસ્તાંબુલ ત્યાર પછી જેમ કે ઉપર વર્ણવ્યું ૮૫૭ હિ.૧૪૫૩ ઈ. માં એટલે કે બીજા ૭૫૦ વરસ પછી મુસલમાનોના હાથમાં આવ્યું.

પરંતુ હજુ બીજા શહેર રોમ ઉપર ફતેહ મેળવવાની બાકી છે. અહિંયાથી ઈસ્લામ યુરોપમાં ફરીવાર દાખલ થશે, એમ તો બબ્બેવાર આ વિસ્તારમાંથી મુસલમાનોને હાંકી કાઢવામાં આવ્યા, એક વાર સ્પેનમાંથી બીજી વાર બલ્કાનમાંથી. તે છતાં

હજુ મુસલમાનોના હાથે તેનું પતન થવાનું છે.

રોમ, ઈટાલીનું એક મુખ્ય શહેર છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં બે શહેરો ઈસાઈઓના મુખ્ય હતા. એક ઈસ્તાંબુલ અને બીજું રોમ. આજકાલ રોમ શહેરના એક વિસ્તારને 'વેટીકન સીટી' નામ આપીને એક સ્વતંત્ર દેશ કરાર દેવામાં આવ્યો છે. આ શહેર અને શહેરમાં જ આવેલ એક આખો નાનકડો દેશ વિશ્વભરના ઈસાઈઓનું ધાર્મિક કેન્દ્ર છે. આ દેશનો વડો ઈસાઈઓના મુખ્ય પાદરી 'પોપ' હોય છે. ધાર્મિક રીતે તે સમગ્ર વિશ્વના ઈસાઈઓના વડા ગણાય છે.

રોમ અને યુરોપ ઉપર જીતની આ આગાહી કેવી રીતે પૂરી થશે એ વિશે ઘણા ખરા ઉલમાનું માનવું છે કે આ જીત અને ફતેહ સૈન્ય કે શકિત વડે જ થાય એ જરૂરી નથી. એવું પણ થઈ શકે છે ઈસ્લામી આચાર, વિચાર, માન્યતાઓ, જીવનશૈલી, માનવીય પરંપરાઓ અને ઈસ્લામી ધાર્મિક સિદ્ધાંતો અત્રે પ્રભાવ મેળવી લે અને આ આખો પ્રદેશ ઈસાઈ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ અપનાવી લે.

બીજા અમુક ઉલમાનું માનવું છે કે કયામત પહેલાં જે મોટા યુદ્ધો અને લડાઈઓ થશે એમાંથી એક ઘટના મુસલમાનોના હાથે રોમના પતનની હશે, એટલે એ આ શહેર ઉપર મુસલમાનો સૈન્ય અને શકિત વડે સત્તા મેળવશે.

અલ્લામહ યૂસુફ કરઝાવી ફરમાવે છે કે,

મારૂં માનવું છે કે આ જીત તલવાર – બંદૂકના બદલે વૈચારિક અને સાંસ્કૃતિક રીતે થશે એટલે કે સીધું સત્તાકીય શાસન ન સ્થાપાતાં પહેલાં ત્યાં વૈચારિક રીતે મુસલમાનો

પ્રભુત્વ જમાવશે.

આજે જોવામાં આવે તો વાસ્તવિકતા એ છે કે સમગ્ર જગત ઈસ્લામને અપનાવવા તત્પર નજર આવે છે કેમ કે વિશ્વ હવે માનવીએ ઘડેલી બનાવટી ભૌતિક વિચાધારાઓ અને વ્યવસ્થાઓની સંહારલીલાઓથી તંગ આવી ગયું છે. વિશ્વ હવે આકાશ તરફ મીટ માંડીને બેઠું છે કે કોઈ તારણહાર આવી ગર્તામાંથી તેમને બહાર કાઢે. આ મુસીબતનો ઉકેલ ઈસ્લામ સિવાય બીજે કયાંય નથી. ઈસ્લામમાં શાંતિનો સંદેશ અને શાંતિ વડે વિશ્વને ઝુકાવવાની શકિત છે. સૂરએ ફતહમાં અલ્લાહ તઆલાએ 'સુલહ'ને મહાન જીત કહી છે. સુલહે હુદયબિયહ કાફિરોથી દબાયને તેમની શરતોને આધીન રહીને કરવામાં આવી હતી, પછી આયત ઉતરી કે, 'અલ્લાહ તઆલાએ તમને સ્પષ્ટ જીત આપી છે.' તો સહાબાએ આપ(સલ.)થી અરજ કરી કે હે અલ્લાહના રસૂલ ! શું અલ્લાહે આ સુલેહને જીત કહી છે ? તો આપ(સલ.)એ ફરમાવ્યું  હા આ જીત જ છે.(મુસ્નદે અહમદ)

***(૩) પુર્વથી પશ્ચિમ સુધી ઈસ્લામી સત્તાનો વિસ્તાર.***

ઈમામ મુસ્લિમ અને હદીસના બીજા વિદ્વાનોએ હઝરત સવબાન (રદિ.)ની આ હદીસ વર્ણવી છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ મારા માટે ધરતી સંકેલી લીધી છે અને મેં એના પુર્વ પશ્ચિમના કિનારાઓ સુદ્ધાં જોયા અને મને લાલ – સફેદ બે ખઝાનાઓ આપવામાં આવ્યા. *(સહીહ મુસ્લિમ : ૨૮૮૯ – તિરમિઝી: ૨૨૦૩)*

ઉપરોકત હદીસ શરીફમાં સમગ્ર વિશ્વમાં ઈસ્લામના

પ્રભાવી થવાની અને વર્ચસ્વની આગાહી છે. આગલી હદીસોમાં ઈસ્લામી દા'વત – દીનના વિશ્વભરમાં ફેલાવા અને ઉપરવટ થવાનો ઉલ્લેખ હતો અને આ હદીસમાં પુરા વિશ્વમાં ઈસ્લામી સત્તાના સ્થાપનાની ભવિષ્યવાણી છે.

ધરતીના સંકેલાય જવા અને પૂર્વ – પશ્ચિમના કિનારાઓ જોવાનો મતલબ આ છે કે ચમત્કારિત રીતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ આખી ધરતી, પુર્વ – પશ્ચિમના કિનારાઓ સહિત બતાવી દીધી અને એક પછી એક એ બધા જ વિસ્તારો મુસલમાનોના કબજામાં આવવાની આગાહી ફરમાવી.

તે વેળા ઈરાનમાં ચાંદી અને ચાંદીના સિક્કા 'દિરહમ'નું ચલણ વધારે હતું અને શામ વગેરે ઈસાઈઓના આધીન પ્રદેશોમાં સોનું અને સોનાના સિક્કા 'દીનાર'નું ચલણ વધારે હતું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લાલ અને સફેદ ખઝાના કહીને આ બન્ને દેશોના ખઝાનાઓ મુસલમાનોને મળવાની આગાહી કરી હતી. આટલી આગાહી તો ખુલફાએ રાશિદીનના ઝમાનામાં જ પૂરી થઈ ગઈ હતી.

### *(૪) શાંતિવાળું સમૃદ્ધ જીવન.*

ઈસ્લામના ભવિષ્યની આગાહી કરતી એક હદીસ હઝરત અબુ હુરયરહ (રદિ.) રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જયાં સુધી અરબસ્તાનની ધરતી લીલી – હરિયાળી ન થઈ જાય ત્યાં સુધી કયામત ન આવશે, એવી કે એક સવાર ઈરાકથી મકકાના પ્રવાસે નીકળશે અને એને રસ્તાની અજાણતા સિવાય અન્ય કોઈ ભય ન હશે.

*(મુસ્લિમ : ૧૦૧૨, મુસ્નદે અહમદ: ૩/૩૦૦/૩૭૧)*

હઝરત અબૂ હુરયરહ (રદિ.) એ એક બીજી હદીસ પણ વર્ણવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

*તમારી પાસે ધન – દોલત વિપુલ માત્રામાં ન થઈ જાય ત્યાં સુધી કયામત આવશે નહીં, ધનવાન ચિંતા કરતો થઈ જશે કે કોઈ એની ઝકાત – ખૈરાત કબૂલ કરે. કોઈને તે સદકો આપશે તો તે પણ કહી દેશે કે મને એની જરૂરત નથી. (બુખારી–મુસ્લિમ)*

હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.)એ બીજી આવી જ હદીસ વર્ણવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

*'લોકો ! એક એવો સમય પણ આવશે કે એક માણસ સોનાની ઝકાત લઈ ફરતો હશે પરંતુ તેને કોઈ એવો ગરીબ શોધ્યો નહીં જડે, જે એની ઝકાતને કબૂલ કરે.(બુખારી – મુસ્લિમ)*

આવી જ અન્ય એક હદીસ હઝરત હારિસ બિન વહબ (રહ.)એ રિવાયત કરી છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

*શકય હોય એટલો સદકો હમણાં જ કરી લો, કારણ કે પાછળથી એક એવો સમય આવશે કે એક માણસ સદકો લઈને દૂર સુધી કોઈ હકદારને શોધતો ફરશે પરંતુ તેને કોઈ એવો માણસ નહી જડે, જે એના સદકાને કબૂલ કરે, જરૂરતમંદ વ્યકિત એને કહેશે કે તમે કાલે આવ્યા હોત તો હું સ્વીકારી લેત હવે આજે મારે એની જરૂરત નથી.(બુખારી – મુસ્લિમ)*

ઉપરોકત હદીસોથી સ્પષ્ટ થયું કે એક એવો સમય જરૂર આવશે, જયારે ચારેવ તરફ સુખ – સમૃદ્ધિનું સામ્રાજય હશે. સમાજમાંથી ગરીબી, નિર્ધનતા અને ભુખમરો નષ્ટ થઈ જશે,

કોઈ એવો ગરીબ પણ નહીં રહે જે ઝકાત – સદકાનો હકદાર હોય અને આ બધું ઈસ્લામની ન્યાયસંગત જીવન વ્યવસ્થાના સર્વસ્વ પ્રભાવી થવા અને લોકોના જીવનમાં ઈમાન – તકવા અને પરહેઝગારીની બરકતોના પ્રતાપે હશે.

ઉપરોકત હદીસોમાં મુસલમાનો માટે આટલી બધી માલદારી સમૃદ્ધિનો વાયદો છે અને જયાં સુધી મુસલમાનો આટલા બધા માલદાર ન થઈ જાય, કયામત પણ ન આવશે.

એટલે કે કયામતના ઘણા પહેલાં મુસલમાનોને આટલી બધી માલદારી અને સમૃદ્ધિ અલ્લાહ તઆલા આપશે.

હદીસ શરીફમાં એવી કોઈ વાત નથી કે આટલી બધી માલદારી અને સમૃદ્ધિ કયામતની નિશાની છે. બલકે ગમે ત્યારે મુસલમાનો આટલા બધા સમૃદ્ધ થશે, એવી આગાહી છે, અને આ નેઅમત મુસલમાનોને ન મળી જાય, ત્યાં સુધી કયામત પણ આવશે નહીં.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

[illegible]

જો આ ગામડાઓના લોકો ઈમાન લઈ આવે અને તકવો અપનાવી લે, તો અમે એમના ઉપર આસમાન – જમીનની બરકતો ખોલી દઈએ.(અઅરાફ:૯૬)

***<u>(૫) નબવી તરીકા મુજબની ખિલાફતનું પુનરાવર્તન.</u>***

હઝરત હુઝયફા બિન યમાન(રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું :

*જયાં સુધી અલ્લાહે ચાહયું તમારી વચ્ચે નુબુવ્વતનો સિલસિલો ચાલુ રહયો અને જયારે અલ્લાહે ઈચ્છયું તો એને અટકાવી દીધો, ત્યાર બાદ નબવી તરીકા મુજબની ખિલાફતનો ઝમાનો*

*આવશે અને અલ્લાહ ચાહશે ત્યાં સુધી એ જારી રહેશે, પછી ખતમ કરી દેવામાં આવશે ત્યાર બાદ એક અત્યાચારી બાદશાહ તમારી ઉપર શાસન કરશે અને અલ્લાહ ઈચ્છશે ત્યાં સુધી એ રહેશે. પછી એનો કાળ વીતી જશે, ત્યાર બાદ અન્ય એક અત્યાચારી માથાફરેલ બાદશાહ તમારો શાસનકર્તા બનશે અને અલ્લાહ ચાહશે ત્યાં સુધી રહેશે પછી એનો સમયકાળ પણ વીતી જશે અને ત્યાર પછી ફરી એક વાર નબવી તરીકા મુજબ ખિલાફતનો દોર આવશે. આટલું કહી આપ(સલ.) ખામોશ થઈ ગયા' (મુસ્નદે અહમદ)*

ઉપરોકત હદીસમાં ખુશખબરી છે કે ઝુલમ – અત્યાચાર, શોષણ અને સતામણીનો કાળો કાળ વીતી જશે, ભયના વાદળો વિખેરાય જશે અને એક વાર ફરી પાછી શરીઅતે મુહમ્મદી પ્રમાણે ખિલાફતે રાશિદહની સ્થાપના થશે. ખિલાફતની આ વ્યવસ્થા ન્યાય કરવામાં, અલ્લાહના આદશો ઉપર અમલ કરવા અને કરાવવામાં, ગુનાહો – અપરાધોની રોકથામ અને સજાઓ ઉપર અમલ કરવામાં અને માનવીઓના એક બીજા સંબંધી લગતા અધિકારોની રક્ષામાં સંપૂર્ણરીતે ઈસ્લામી સિદ્ધાંતો અને નિયમોને અનુસરશે.

આ સમય હજુ આવવાનો બાકી છે ? અથવા વીતી ગયો છે ? એને સમજવા માટે એક બીજી હદીસ જોઈએ :

હાસિલ સદફી રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

*મારા પછી ખલીફાઓ આવશે, એમના પછી અમીરો આવશે, એમના પછી બાદશાહો આવશે, એમના પછી ઝાલિમ શાસકો આવશે. ત્યાર પછી મારા ખાનદાનનો એક માણસ બહાર*

*આવશે, જે જમીનને ન્યાય અને ઈન્સાફથી એવી ભરી દેશે, જેવી તે વખતે જુલ્મથી ભરેલી હશે.... (તબરાની)*

ઉલમા લખે છે કે આજની સ્થિતિ મુજબ વિચારીએ તો કહી શકાય કે આ ઝાલિમ શાસકોનો ઝમાનો ચાલી રહયો છે. તે કેટલો ચાલશે એ વિશે તો કંઈ કહી શકાય નહીં, પણ એના પછી હજુ એક ઝમાનો આવશે, જેમાં ઈસ્લામનું પ્રભુત્વ હશે, એ નક્કી છે.

***(૬) યહૂદીઓ પર પ્રભુત્વ - જીત.***

હઝરત ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ફરમાવતા સાંભળ્યા કે,

*'એક એવો સમય પણ આવશે જયારે યહૂદીઓ તમારી સાથે યુદ્ધ કરશે અને તમે એમના ઉપર જીત મેળવશો, પથ્થરો સુદ્ધાં પોકારીને કહેશે કે : હે મુસલમાન ! અહિંયા આવ, જો મારી પાછળ એક યહૂદી સંતાયો છે, તું એને કતલ કરી દે.'*

હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની એક રિવાયત છે કે,

*જયાં સુધી મુસલમાનો યહૂદીઓથી યુદ્ધે ન ચડશે કયામત ન આવશે, યુદ્ધ થયે મુસલમાનો યહૂદીઓને કતલ કરશે. યહૂદી જો કોઈ ઝાડ કે પથ્થર પાછળ સંતાયો હશે તો ઝાડ – પથ્થર પોકારીને કહેશે કે હે મુસલમાન ! હે ખુદાના બંદા ! આ યહૂદી મારા પાછળ સંતાયો છે, આવ અને એને મારી નાંખ. (મુસ્લિમ)*

શું વાસ્તવમાં પથ્થર કે ઝાડ બોલશે ? જેમ કે હદીસમાં કહેવામાં આવ્યું છે અથવા એનો બીજો કોઈ અર્થ છે ? એનો ખુલાસો આ છે કે આ અલ્લાહની એક અભુતપૂર્વ નિશાની છે. વાસ્તવિક રીતે આમ થવું પણ અલ્લાહની શકિતથી બહાર નથી.

ઝાડ – પથ્થર બોલશે અને યહૂદીઓના સંતાવવાનું સ્થળ બતાવશે. હદીસનો ભાવાર્થ આ પણ હોય શકે કે આ સમયે દુનિયાની દરેક વસ્તુ મુસલમાનોની તરફેણમાં હશે અને મુસલમાનોના શત્રુ યહૂદીઓના વિરૂદ્ધ હશે.

અલ્લાહ તઆલાની મદદ – સહાયમાં શંકાને કોઈ સ્થાન નથી અને આજના યહૂદીઓનો એવો ભરમ કે એમને હરાવવા શકય નથી, વધુ સમય બાકી રહેવાનો નથી. જે યહૂદીઓએ આજે પેલેસ્ટાઈનને હથિયારો, ફોજ અને શકિતના વડે હડપ કરી લીધું છે અને મુસલમાનો ઉપર અત્યાચાર કરી રહયા છે, કાલે એમના પરાજય અને અપમાનની ઘડી આવવાની જ છે.

અલ્લાહની રીત – રસમ છે કે પહેલા ઝાલિમોના દોર છૂટા મુકવામાં આવે છે અને પછી જયારે તેમના અત્યાચારોની માત્રા હદ વટાવી જાય છે તો તેમની આકરી પકડ કરવામાં આવે છે અને આ ટાણે શસ્ત્રો, શક્તિ, સંશાધનો – સામગ્રી કંઈ જ કામ આવતું નથી. આધુનિક હથિયારોના ખડકલા પણ કંઈ કામ આવશે નહીં.

યહૂદીઓના પૂર્વજો બનૂ નઝીર પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સમયકાળ દરમ્યાન ઘણા શકિતશાળી હતા, પરંતુ જયારે તેમના ગુનાહોનો ઘડો છલકાય ગયો અને અલ્લાહે મુસલમાનોના હાથે તેમનું પતન નિશ્ચિત કરી દીધું તો પછી સાધન – સામગ્રીના વિપુલ સંગ્રહવાળા મજબૂત કિલ્લાઓ પણ તેમને ન બચાવી શકયા.

કુર્આનમાં આ ઘટનાનું વર્ણન કરતાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

*તે જ (અલ્લાહ) છે કે જેણે અહલે કિતાબ (બનૂ નઝીર)ના*

*કાફિરોને પહેલી વખત એક – સામટા જ તેઓના ઘરબારથી કાઢી મૂક્યા; તમે ધારતા ન હતા કે તે લોકો નીકળી જશે અને તેઓએ ધારી લીધું હતું કે, તેઓના કિલ્લા તેઓને અલ્લાહ (ના અઝાબ)થી બચાવી લેશે પણ અલ્લાહ(નો અઝાબ) તેઓના ઉપર એવી જગ્યાએથી પહોંચ્યો કે તેઓને ખ્યાલ સરખો પણ ન હતો અને તેઓના દિલોમાં એવો પ્રભાવ નાખી દીધો કે તેઓ પોતાના ઘરોને પોતાના જ હાથે તથા મુસલમાનોના હાથે બરબાદ કરવા લાગ્યા. તો હે આંખોવાળાઓ ! (એનાથી) ઈબ્રત પકડો (૨) અને જો અલ્લાહે તેઓ સંબંધી દેશનિકાલની વાત લખી રાખી ન હોત તો તેઓને દુનિયામાં જ (કતલ અથવા કેદની) શિક્ષા આપત, પણ આખિરતમાં તેઓ માટે આગની શિક્ષા છે. (૩) આ સજાનું કારણ એ કે તેઓએ અલ્લાહ અને તેના રસૂલ (સલ.)ની નાફરમાની કરી અને જે કોઈ અલ્લાહની નાફરમાની કરે છે તો અલ્લાહ સખત અઝાબ આપનારો છે. (૪) (સૂ.હશ્ર : ૨–૪)*

***(૭) અજેય અને અડગ ગ્રુપનું અસ્તિત્વ.***

**હઝરત મુઆવિયહ (રદિ.) અને બીજા અન્ય સહાબા (રદિ.)ની રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :**

*મારી ઉમ્મતમાં છેવટ સુધી એક એવું ગ્રુપ જરૂર રહેશે જે અલ્લાહના દીન ઉપર કાયમ રહેશે અને શત્રુ તેમનું કઈ બગાડી શકે નહીં અને છેલ્લે જ્યારે અલ્લાહની સહાય આવી જશે તો બધા જ લોકો ઉપર આ ગ્રુપનું પ્રભુત્વ સ્થપાય જશે.*

**હઝરત ઉમર (રદિ.), હઝરત મુગયરહ (રદિ.), હઝરત અબૂ હુરયરહ (રદિ.), હઝરત જાબિર (રદિ.), હઝરત ઈમરાન**

બિન હુસૈન (રદિ.), હઝરત ઉકબહ બિન આમિર (રદિ.) હઝરત જાબિર બિન સમૂરહ (રદિ.) અને હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત કરવામાં આવી છે કે રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું :

*મારી ઉમ્મતમાં એક એવું ગ્રુપ જરૂર રહેશે, જે ઈસ્લામને પ્રભાવી રાખશે. ઈસ્લામના શત્રુઓ તેમનાથી ભયમાં જ રહેશે. માલની તંગી અને લડાઈના કષ્ટો સિવાય વિરોધીઓ તેમનું કંઈ બગાડી શકશે નહીં, છેલ્લે અલ્લાહનો હુકમ અર્થાત કયામત આવી જશે. તો પણ આ ગ્રુપ એવું જ રહેશે. સહાબા (રદિ.)એ પૂછયું કે હે અલ્લાહના રસૂલ (સલ.) આ લોકો કયાં હશે ? તો આપ (સલ.) એ ફરમાવ્યું કે આ લોકો બયતુલ મુકદ્દસ અને તેની આજુબાજુ હશે. (અબુદાઉદ)*

આ બધી હદીસોનો ખુલાસો એ છે કે ઉમ્મતમાં ભલાઈનું અસ્તિત્વ છેવટ સુધી રહેશે અને સત્ય ખાતર પ્રયાસો કરનારા વ્યકિતઓ અને જમાતોથી કદી આ વિશ્વ ખાલી ન રહેશે.

હઝરત અબૂ માલિક અશઅરી (રદ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

*અલ્લાહ તમને ત્રણ મુસીબતોથી રક્ષિત રાખે, તમારા નબી તમારા માટે બદદુઆ ન કરે કે તમે બધા એકી સાથે નષ્ટ થઈ જાઓ. બાતિલ પરસ્તો અને બાતિલ શકિતઓ તમારા ઉપર પ્રભાવી ન થઈ જાય અને તમે બધા ગુમરાહી ઉપર ભેગા ન થઈ જાઓ.*

આ હદીસમાં કયામત સુધી દીન ઉપર અડગ રહેનારા અને ઈસ્લામ માટે સંઘર્ષ કરનારા લોકોના અસ્તિત્વની આગાહી છે. એનાથી સાફ પૂરવાર થાય છે કે મુસલમાનોના અસ્તિત્વને જ

ખતમ કરી નાંખવું શત્રુના બસની વાત નથી.

અને આપણા માટે આ હદીસમાં શિખામણ છે કે જયારે પણ મુસલમાનો કમઝોર દેખાય તો આપણે દીન ઉપર વધારે અડગ થઈ જઈએ, જેથી આ મુબારક જમાતના એક સભ્ય હોવાનું સદભાગ્ય આપણને મળે.

હદીસનો સ્પષ્ટ મતલબ આ છે કે શત્રુ ઈસ્લામને કંઈ વધારે નુકસાન પહોંચાડી શકશે નહીં. ઈસ્લામ ઉપર અડગ રહેનારા ઈસ્લામને જાળવી જ રાખશે. એટલે કે દીન અને ઈસ્લામની અસલ હિફાજત એના માનવા વાળાઓના હાથમાં જ છે. તેઓ અડગ રહેશે તો ઈસ્લામને કંઈ નહીં થાય પણ મુસલમાનો જ ઈસ્લામ ઉપર અડગ ન રહેશે તો પછી ઈસ્લામની કમઝોરીનું કારણ શત્રુ નહીં, મુસલમાનોની બેદીની જ હશે.

ખુલાસો આ કે પરિસ્થિતિઓ, સંજોગો, માહોલ, દોસ્તી, સોહબત, હોદ્દો, પ્રસિદ્ધિ અને માલની લાલચે દીન અને ઈસ્લામના આદેશો છોડવાથી ઈસ્લામને જે નુકસાન થાય છે, એ શત્રુએ પહોંચાડેલા નુકસાન કરતાં વધારે હશે. માટે દરેક મુસલમાન આ બાબતે ચિંતન મનન કરે અને જીવનની દરેક બાબતને ઈસ્લામ મુજબ ઢાળવાની કોશિશ કરે.

***(૮) દરેક કાળમાં મુજદ્દિદ - સુધારકનો જન્મ.***

હઝરત અબૂ હુરયરહ (રદિ.) થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલ્લાહ તઆલા ઉમ્મતમાં દર સો વર્ષે એક એવા માણસને પેદા કરશે જે ઉમ્મતના દીનની સુધારણા અને નવીનીકરણનું કાર્ય અંજામ આપશે. (અબૂ દાઉદ)

હદીસના અમુક વિદ્વાનોનું માનવું છે કે સુધારકની

જવાબદારી નિભાવનાર કોઈ એક વ્યકિત પણ હોય શકે છે અને કોઈ સમુહ પણ હોય શકે છે. આ જ યોગ્ય કથન છે. આ આધારે દીનની દઅવત – પ્રચાર, પ્રસાર તરબિયત અને જેહાદની પવિત્ર ફરજ નિભાવતા સમુહો પણ આ હદીસની વ્યાખ્યામાં આવી જાય છે.

મુસલમાન કોઈ મહાન સુધારકના આગમનની રાહ જોયા કરે એના કરતાં વધુ યોગ્ય એ છે કે લોકસુધારણા અને ધર્મરક્ષાની ચાલતી ચળવળોમાં જોડાય જાય અને પોતાનાથી બનતા પ્રયાસો કરી છુટે.

આજે લોકોને એશ – આરામની આદત પડી ગઈ છે. દિલમાં ઈસ્લામની મુહબ્બત છે. હમદર્દી છે. વિશ્વભરમાં પોતાના ધર્મનો ડંકો વાગે એવું ચાહે છે. કયાંક ઈસ્લામ કે મુસલમાનોને કોઈ નુકસાન પહોંચે, કોઈ ઈસ્લામ વિશે કે મુસલમાનો વિશે ઘસાતું બોલે તો દિલને આઘાત લાગે છે, ચર્ચા અને વિશ્લેષણ કરે છે, વગેરે... આ બધી બાબતો દિલમાં મોજૂદ ઈસ્લામની મુહબ્બતની નિશાની છે. અલબત્ત દિલમાં સાથે જ દુનિયાની મુહબ્બત પણ છે. દિલને એશ – આરામ અને રાહતની આદત પણ પડી ગઈ છે. માટે માણસ એનાથી બનતા કોઈ પણ પ્રયત્નો કરતો નથી, અને ઈન્તેઝાર કરે છે કે કોઈ ગેબી માણસ આવીને ઈસ્લામ અને મુસલમાનોને દુનિયામાં જીતાડી જાય. કોઈ અસાધરણ ઘટના ઘટે અને આખી દુનિયા મુસલમાન બની જાય અથવા મુસલમાનો બધે જ છવાય જાય... આ સપનાં છે. માણસ પોતાના શોખ મુજબ જે સપનાં જુએ છે, આ પણ એવું જ એક સપનું છે અને માણસ પોતે જયાં સુધી કોઈ પ્રયત્ન ન કરે, સપનાં સાકાર થતાં નથી. માટે ઈસ્લામની

મુહબ્બતમાં મુસલમાને કંઈક તો કુરબાની આપવી પડશે.

એક તરફ માલ, દોલત, આરામ, અવલાદ અને કુટુંબ વગેરે છે, અને બીજી તરફ ઈસ્લામના આદેશો અને એના માટે માલ અને આરામ છોડવાની કુરબાની છે. માણસ આ બે વચ્ચે થોડો તાલમેલ કરી લે, અને જીવનમાં જેટલું મહત્વ માલ, અવલાદ અને એશ – આરામને આપે છે, એના કરતાં વધારે નહીં, પણ એટલું જ મહત્વ ફકત પોતે દીન ઉપર અમલ કરવામાં આપે તો પણ પોતાની નજરે ઈસ્લામ અને મુસલમાનોને અન્યો કરતાં વધારે આગળ જોઈ શકે છે.

***(૯) હઝરત ઈસા અલૈ.નું આગમન.***

દુનિયાના અંતકાળમાં હઝરત ઈસા (અલૈ.)નું આગમન પણ આપણા માટે મોટી ખુશખબરી છે. હઝરત ઈસા અલૈ. આવશે અને નબીએ કરીમ (સલ.)ના ઉત્તરાધિકારી બનીને વિશ્વમાં શરીઅતે મુહમ્મદીના શાસનની સ્થાપના કરશે.

હદીસના વિદ્વાનોનું માનવું છે કે હઝરત ઈસા અલૈ.નું આગમન નકકી છે. આ વિષયની હદીસો મુતવાતિર છે , અર્થાત હઝરત ઈસા અલૈ. ના આગમનની ભવિષ્યવાણી કરતી હદીસો સહાબાના એક મોટા સમુહે વર્ણન કરી છે.

અલ્લાહના સર્વશકિતમાન હોવા અને સૃષ્ટિના સંચાલક હોવા ઉપર ઈમાન ધરાવનાર દરેક માણસને આ યકીન પણ હોવું જોઈએ કે અલ્લાહ તઆલા તરફથી વિવિધ મોઅજિઝાઓ – ચમત્કારો જાહેર થશે અને અલ્લાહ તઆલા એની મરજી મુજબ જે ચાહે તે કરી શકે છે.

આવા માણસોને હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મહેદી

રદિ.ના આસમાન ઉપરથી ઉતરવા વિશે પણ શંકા ન હોવી જોઈએ. આપણું ઈમાન છે કે હઝરત ઈસા (અલૈ.) આસમાન ઉપરથી ઉતરશે, તેઓ આસમાન ઉપર જીવંત છે, તેમના શત્રુઓએ જયારે તેમને ફાંસીએ ચડાવવાના પેંતરા રચવા માંડયા તો અલ્લાહ તઆલાએ એમને આસમાન પર ઉઠાવી લીધા. કુર્આનમાં પણ આ બાબતનો ઉલ્લેખ છે :

અલ્લાહએ એમને પોતાની પાસે ઉઠાવી લીધા. અલ્લાહ બહુ શકિતશાળી અને હિકમતવાળો છે. (નિસાઅઃ ૧૫૬)

***(૧૦) હઝરત મહેદી અલૈ.નો જન્મ***

હઝરત મહેદી (અલૈ.) વિષેની હદીસોમાં પણ મુસલમાનો માટે ખૂશખબર છે. આ વિષયની હદીસો પણ સહીહ અને આધારભૂત છે. બધી હદીસોનો નિચોડ એ છે કે અત્યાચાર, શોષણ, ઝુલમ, દમન અને અન્યાયના અતિક્રમણ બાદ છેવટે એક ન્યાયી હાકેમ આવશે અને વિશ્વ ઉપર ન્યાય અને ઈન્સાફ સાથે રાજ કરશે અને પૂરા વિશ્વમાં અલ્લાહ તઆલાના દીનને પ્રભાવી કરશે. ધરતી પર ન્યાયનું ચલણ ચાલશે.

ઈમામ અહમદ અને ઈમામ અબૂ દાવુદ (રહ.)એ નબીએ કરીમ (સલ.)ની રિવાયત નકલ ફરમાવી છે કે રસૂલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું કે : જયારે વિશ્વના વિનાશમાં ફકત એક દિવસની મહેલત બાકી હશે તો અલ્લાહ તઆલા આપણામાંથી એક એવા માણસને ઉભો કરશે જે વિશ્વને ન્યાય – સમાનતાથી ભરી દેશે જેમ તે પૂર્વે વિશ્વ અત્યાચાર અને દમનથી ભરેલું હતું. (અબૂદાવુદઃ ૪૩૮૩)

# આધુનિક વિશ્વ અને ઇસ્લામ

## *ઇસ્લામના ઉજ્વળ ભવિષ્ય બાબતે વર્તમાન આધુનિક યુગના સંકેતો, ઇશારાઓ અને મુસલમાનોની ફરજો*

### *(૧) આધુનિક ટેકનોલોજી*

પહેલાંના ઝમાનામાં ઈસ્લામના વિરોધીઓ ઈસ્લામની સાચી વિગતો લોકોથી છુપાવતા હતા. મુસલમાનોને પોતાના દેશોમાં આવવા દેતા ન હતા. એમના વિશે ભમ્રણાઓ ફેલાવતા હતા. પુસ્તકોનો ઝમાનો આવ્યો તો ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ યુરોપમાં એટલું બધું લખવામાં આવ્યું કે ન કરો વાત !

પછી ટી.વી. આવી તો એના મારફતે મુસલમાનોને બદનામ કરવાની કોઈ રીત અને તરકીબ છોડવામાં ન આવી. મુસલમાનોને હત્યારા, લુંટારા, સ્ત્રીઓ ઉપર જુલમ કરનાર, જંગલી અને અસભ્ય સમાજ ચીતરે એવી ફિલ્મો, સીરીયલો, ડોકયુમેન્ટરીનો એક વણથંભ્યો સિલસિલો ... કોઈ પણ નેગેટીવ રોલ હોય, એને મુસલમાનો સાથે જોડી દેવામાં આવતો. હજુ પણ આજે આ માનસિકતા ચાલુ છે. રોજ બરોજ સમાચાર આપણે વાંચીએ છીએ કે સૈન્ય ટ્રેનિંગમાં ઈસ્લામી સિમ્બોલ અથવા મુસ્લિમ વ્યકિતને શત્રુના કુત્રિમ ટારગેટ તરીકે બતાવવામાં આવે છે. સૈન્ય અધિકારીઓને ટ્રેનિંગ આપવા માટે જે કોમ્પ્યુટર એપ્લીકેશન અને પ્રોગ્રામ બનાવવામાં આવે છે, એમાં શત્રુઓના ઠેકાણા તરીકે મસ્જિદનું ચિહન મુકવામાં આવે છે. યુરોપ અને અમેરિકામાં તો પહેલાંથી જ ચાલતું આવ્યું છે,

હવે ભારતમાં અને આપણા ગુજરાતમાં પણ એવું થાય છે કે આતંકવાદ વિરુદ્ધ મોકડ્રીલમાં બનાવટી આતંકવાદી માણસ 'ટોપીધારી' મુસલમાન હોય છે. આ બધાનો મકસદ ફકત એક જ છે, કે દુનિયામાં ઈસ્લામ અને મુસલમાનોની છબી એટલી ખરાબ ચીતરવામાં આવે કે, ઈસ્લામ અને મુસલમાનો વિશે કોઈ માણસ સારું વિચારી જ ન શકે. અલબત્ત હવે ઈન્ટરનેટ અને સોશ્યલ મીડીયાની આધુનિક ટેકનોલોજીએ સંજોગો બદલી નાંખ્યા છે.

આ આધુનિક સગવડો અલ્લાહ તઆલાએ નક્કી કરેલ અમુક લોકો માટે ઈસ્લામના પરિચય અને સ્વીકારનું માધ્યમ બની રહી છે. લોકો એક બટન દબાવીને ઈસ્લામ વિશે જાણકારી મેળવે છે. વાસ્તવિકતા જાણે છે, સમજે છે અને ઈસ્લામ સ્વીકારે છે. શિક્ષણના પ્રતાપે આજનો માનવી પોતાની રીતે વિચારતો થયો છે, અને તે દરેક બાબતને પોતાની રીતે સમજવાનો પ્રયત્ન કરે છે. તે વિચારે છે કે ઈસ્લામ આટલો બધો ખરાબ ધર્મ છે તો પછી દુનિયાની આટલી મોટી વસતી કેમ કરીને એને વળગી રહી છે ? આ ઉત્સુકતા એને સાચી હકીકત સુધી લઈ જાય છે.

દરેક માણસને વ્યકિત, સમાજ, પ્રદેશ, કુટુંબ વગેરે વિવિધ રીતે અનેક સમસ્યાઓથી પનારો પડે છે માણસ એનો હલ શોધે છે. શિક્ષણનો વ્યાપ વધ્યા પછી શિક્ષિત માણસો વિવિધ ધર્મો અને વિચારધારાઓ પ્રર્વતમાન સમસ્યાઓનો શું હલ બતાવે છે, એ પોતે શોધવાનો પ્રયત્ન કરે છે. અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિસ્ટ્રી, પોલીટીકસ વગેરે વિષયોના વિદ્યાર્થીઓ અને વિદ્વાનો પોતાની રીતે વિચારે છે અને આ વિચાર – મનન તટસ્થ હોય અથવા સત્યશોધ માટે હોય, તો માણસને સત્ય સુધી જરૂર દોરી

જાય છે, બલકે આજનો સામાન્ય માનવી પણ જનરલ નોલેજના પ્રતાપે અને ટી.વી. વગેરે માધ્યમોમાં આવતી ડિબેટ થકી સત્ય – અસત્ય અને સારા નરસાને ઓળખતો થયો છે.

***ચેતવણી***

આ આધુનિક ટેકનોલોજી, ટી.વી. ઈન્ટરનેટ વગેરે એક રીતે આપણા મુસલમાનો માટે ચિંતાનો વિષય પણ છે. મુસલમાનો અને યુવાનો એના કારણે અવળા રસ્તે જઈ રહયા છે. અશ્લીલતા, નગ્નતા, નાજાઈઝ સંબંધો અને ગુનાઓનું પ્રમાણ વધી રહયું છે.

આનાથી જ સમજી શકાય છે કે જો આપણે સાચા – પાકા મુસલમાન નહીં બનીએ તો અલ્લાહ તઆલા અન્યોને લઈ આવશે, અને તેઓ આપણા જેવા કાચા – નાફરમાન નહીં હોય. જે રસ્તે ચાલીને આપણે ઈસ્લામના આદેશો છોડીને દૂર ભાગીએ છીએ, આ નવમુસ્લિમો એ જ રસ્તે ઈસ્લામ તરફ આવે છે.

અહીંયા જ આપણી કસોટી થાય છે. બલકે સમજો કે ઈસ્લામને સમજવા નીકળેલ આવા માણસ માટે દરેક મુસલમાન વ્યકિત એક માઈલ સ્ટોન છે. આ માઈલ સ્ટોનનું લખાણ કે ચિહન એને ગેરમાર્ગે દોરી શકે છે. અભ્યાસ, શિક્ષણ અને તટસ્થ સમીક્ષા પછી બાહય જીવનમાં ઈસ્લામને અમલી સ્વરૂપે અનુસરવા માંગતા માનવી પહેલેથી જ મુસલમાન હોય એવા મુસલમાનોને ઈસ્લામી જીવનશૈલી મુજબ જીવન જીવતા ન જુએ, મુસલમાનોમાં જ એને ઈસ્લામની જીવન પદ્ધતિ ઉપર યકીન જોવા ન મળે તો, આ માનવી શું વિચારે ? એ જ કે,

ઈસ્લામ ફકત વાતોનું નામ છે.

વાસ્તવિકત રીતે ઈસ્લામ ઉપર અમલ કરવો શકય નથી.

આ કોઈ જીવન પદ્ધતિ નથી.

ફકત ગોખણપટ્ટી અને ફિલોસોફી છે. વગેરે....

માટે દરેક મુસલમાનની વ્યકિતગત ફરજ છે પોતાના જીવનને શકય એટલી રીતે ઈસ્લામ મુજબ ઢાળવાનો પ્રયત્ન કરે. પરસ્પરના સંબંધોમાં, વહેવારમાં, નોકરીમાં, ધંધામાં, રહન – સહન, કથની – કરણી, દરેક બાબતમાં ઈસ્લામના આદેશને સામે રાખીને જ કોઈ નિર્ણય કરીએ. બે ચાર રૂપિયાની લાલચ આપણને ડગમગાવી ન દે, એનો ખ્યાલ રાખીએ. દરેક પ્રકારના વ્યવસાયમાં આજકાલ ફ્રોડ અને બનાવટ સામાન્ય છે. જૂઠ બોલવું, લાંચ આપવી, ધોકો આપવો, વાસ્તવિકતા છુપાવવી, ખોટા પુરાવાઓ, જૂઠી ગવાહીઓ વગેરે દ્વારા કામ કઢાવવું સામાન્ય બાબત બની ગઈ છે.

વર્તમાન માહોલમાં થોડીક તટસ્થતા અને હિંમત વડે આપણે મોટું કામ લઈ શકીએ છીએ. એક નાનકડું ઉદાહરણ આપું છું. થોડા દિવસ પહેલાં સમાચાર આવ્યા કે ભારતીય રિઝર્વ બેન્ક મુસલમાનો દ્વારા વણવપરાયેલા વ્યાજના કરોડો રૂપિયાનો નિકાલ કરવા ઈચ્છે છે. કારણ કે મુસલમાનો વ્યાજ વાપરતા નથી, અને એ રકમ બેન્કમાં પડી રહે છે.

જરા વિચારીએ...

૧) વર્તમાન ભારતીય મુસલમાનોમાં કેટલા માણસો વ્યાજને હરામ સમજીને એનાથી દૂર રહે છે ?

૨) મુસલમાનોમાં અનેક ફિરકા ભારતમાં વ્યાજને હલાલ કહે છે.

૩) ઘણા ફિરકાઓ એને વ્યાજ નહીં, પ્રોફીટ અને નફો જ કહે છે.

૪) જે લોકો વ્યાજને હરામ કહે છે, તેઓમાં કેટલા લોકો વ્યાજની રકમને બેન્કમાં જ પડેલી રહેવા દે છે ? વ્યાજના હરામ હોવા વિશેની સમજણ રાખનારો મુસલમાન એના નિકાલની સમજણ પણ કેળવે છે અને વ્યાજનો યોગ્ય નિકાલ પણ કરે છે.

આ બધું જોતાં બેંકોમાં મુસલમાનોની વ્યાજની કેટલી રકમ પડી રહેતી હશે ?

અલબત્ત ઈસ્લામમાં વ્યાજના હરામ હોવાની વાત મુસલમાનોએ સામાન્ય પણે સ્વીકારીને એને અન્યો સુધી સારી રીતે પહોંચાડી છે એના કારણે... અને થોડા ઘણા મુસલમાનો દ્વારા આ બાબતે રાખવામાં આવતી ફકત થોડી ઘણી સાવચેતીના કારણે....આખું વિશ્વ, અને ઉપરોકત સમાચાર મુજબ ભારતીય રિઝર્વ બેન્ક *'બિન વ્યાજુ બેન્કિંગ'* અને *'બિન વ્યાજુ નાણાકીય નીતિ'* વિશે વિચારતી થઈ ગઈ છે, એ શું દર્શાવે છે ? શું આ ઈસ્લામની જીત નથી ? અને આ જીત મેળવવા આપણે કેટલી કુરબાની આપી ? ફકત થોડીક જ..

જો વેપારમાં અમાનત, વહેવારમાં સચ્ચાઈ, વર્તનમાં અખ્લાક, અને રહેણી – કરણીમાં ઈસ્લામી આદર્શોને અપનાવીએ, પૂર્ણ રીતે નહીં, કંઈક અંશે અપનાવીએ, જેમ કે વ્યાજ બાબતે આપણે જોયું, તો એનું પરિણામ એટલું બધું હકારાત્મક આવી શકે છે કે કલ્પના બહારની વાત છે.

***(૨) નકારાત્મક પ્રચારની હકારાત્મક અસર***

ઈસ્લામ વિરોધી પ્રચાર વર્તમાન સંજોગોમાં સામાન્ય બાબત છે. અને તે પણ ફકત એક જ દલીલના આધારે... વાણી અને

વિચારની સ્વતંત્રતા. વિશ્વના અનેક દેશોમાં ઈસ્લામ વિરુદ્ધ અને મુસલમાનો વિરુદ્ધ લખવું, બોલવું એક સામાન્ય બાબત પહેલાંથી જ હતી. અને લખવા બોલવામાં દરેક પ્રકારના માધ્યમ અપનાવવામાં આવતા હતા. ઈસ્લામ વિરોધી અને મુસ્લિમ વિરોધી કાર્ટૂનો પણ બનાવવામાં આવતા હતા. મુસલમાનની પ્રતિકાત્મક તસવીર મુકવાની હોય તો મોટા ભેંસ જેવા, અરબી જભ્ભામાં, માથે દોરી વીંટાળેલ વ્યકિતની તસવીર કે કાર્ટૂન આજે પણ સામાન્ય છે. અલબત્ત વરસોથી આ બાબત ચાલતી આવતી હતી, પરિણામે એની અસર ઓછી થઈ ગઈ હતી. છેલ્લા દિવસોમાં લોકોને નવો તુક્કો સુજયો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાર્ટૂન બનાવવાનો, અને તે પણ નકારાત્મક... મુસલમાનો વિરોધ કરે તો કહી શકાય કે તેઓ અંતિમવાદી છે, વિરોધ સહેવાની અને સામે વાળાના અધિકારોને માનતા નથી અને ચુપ રહે તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નકારાત્મક છબી ઉપર મહોર લાગી જાય... અનેક વાર આવી ઘટના ઘટી અને દરેક વાર આ બાબતનો વિશ્વભરમાંથી વિરોધ થયો. આ નકારાત્મક પ્રચારની અસર એ થઈ કે લોકો વિચારતા થયા કે આખરે 'મુહમ્મદ'ના વ્યકિત્વમાં એવું તો શું છે, એમના વિરુદ્ધ મુસલમાનો એક શબ્દ સાંભળવા તૈયાર નથી.. આ જિજ્ઞાસાએ લોકો વધુ જાણકારી મેળવવા લાગ્યા, અને આપણે રોજબરોજ અખબારોમાં વાંચીએ છીએ કે યુરોપના દેશોમાં ઈસ્લામ સ્વીકાર કરનારાઓની સંખ્યા અતિઝડપથી વધી રહી છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અપમાન

જનક કાર્ટૂનો છાપવા અને ઈસ્લામને ભૂંડી ચીતરતી ફિલ્મો બનાવવાના મુદ્દે ડેન્માર્ક ખાસું બદનામ છે. બલકે આ દેશના બંધારણમાં અન્ય તમામ ધર્મોનો એક ધર્મ તરીકે ઉલ્લેખ અને સ્વીકાર છે, પણ ઈસ્લામ ધર્મ માટે કોઈ ઓપ્શન જ નથી. એનો કોઈ ઉલ્લેખ નથી. બંધારણમાં જ આટલી બધી બંધ બારીઓ હોવા છતાં મુસલમાનોની સંખ્યા અઢી લાખથી વધારે છે. અને શીખ ધર્મનો ત્યાંના બંધારણમાં ઉલ્લેખ છે, પણ શીખોની સંખ્યા ૨૦૦૫ ની ગણતરી મુજબ ૧૭૦ છે.

***(૩) અન્ય ધર્મોના અનુયાયીઓની એમના ધર્મ ઉપરની શ્રદ્ધા ડગમગી જવી.***

વર્તમાન સમયમાં આ એક સામાન્ય બાબત છે. આપણે જોઈએ છીએ કે દરેક ધર્મના વધુ પડતા અનુયાયીઓ એમના ધર્મને એક પરાપૂર્વેથી ચાલતી આવતી પરંપરા અથવા કોઈ અન્ય બહાને માનતા અને અનુસરતા આવ્યા છે. ધર્મમાં, ધાર્મિક આદેશોમાં, માન્યતાઓ અને આદર્શોમાં, બલકે જેમને પૂજવામાં આવે છે એ માબૂદોમાં પણ લોકોને શ્રદ્ધા અને યકીન નથી. અમુક તમુક લોકો આમાંથી અપવાદ હોય શકે છે. શ્રદ્ધા ડગમગી જવાના અનેક કારણો છે. એક કારણ તો અન્ય ધર્મોમાં વર્તમાન વિશ્વ યોગ્ય માર્ગદર્શન ન હોવું છે. એક કારણ આ પણ છે કે ધાર્મિક સિદ્ધાંતો અને માન્યતા સ્પષ્ટ રીતે જ ખોટી અને સમજમાં ન આવે એવી હોય છે, જેમ ઈસાઈ ધર્મમાં હઝરત ઈસા અલૈ.ને એક માનવા અથવા ખુદા ત્રણ છે અને ત્રણેવ એક છે, વગેરે.. એ જ પ્રમાણે સન્યાસી જીવન, કંકર એટલા શંકર, વર્ણભેદ, વગેરે...

એક ખાસ કારણ ધર્મનો ઝંડો લઈને ફરતા ધાર્મિક નેતાઓનું આચરણ ધર્મ પ્રમાણે ન હોવું પણ છે.

વ્યકિતગત, કોટુંબિક, આર્થિક સ્વાર્થની વાત આવે અથવા દોસ્તી – દુશ્મનીની લાગણી આડે આવે તો ખૂબી અને સંસ્કારને છોડીને એનાથી વિપરીત બદી અને કુસંસ્કાર અપનાવી લેવાનું વલણ સામાન્ય બાબત છે. આમ થવાથી સામાન્ય માણસ એમના ધર્મને ફકત થોથાંની ફિલોસોફી માને છે, આચરણની વસ્તુ નહીં.

અલબત્ત મુસલમાનોમાં આવું નથી. ધાર્મિક નેતાઓ, મોલાનાઓ, બુઝુર્ગો અને કોઈ પણ રીતે દીન અને ઈસ્લામની મહેનત કરતા લોકો  શકય એટલા ઈસ્લામ મુજબ અમલ કરવાના પ્રયાસ કરે છે. એ માટે કુરબાની આપે છે. જેના કારણે સામાન્ય મુસલમાનની શ્રદ્ધા પણ ઈસ્લામ ઉપર બાકી રહે છે.

ધીરે ધીરે હવે મુસલમાનોમાં પણ આ બાબતે ઢીલાશ આવી રહી છે. વિશેષ કરીને માલ–સંપત્તિ અને હોદ્દા–પ્રસિદ્ધિની લાલચે હવે મુસલમાનોના ધાર્મિક આગેવાન કહેવાતા લોકો પણ લપસી જાય છે.

વર્તમાન વિશ્વમાં આ એક પોઈન્ટ થકી અન્યધર્મના લોકો સામે આપણે ઈસ્લામની સચ્ચાઈ પૂરવાર કરી શકીએ છીએ. માટે ઈસ્લામ અને દીને ઈસ્લામની મહેનત કરતા દરેક માણસે, મોલ્વી, મુફતી, આલિમ, હાફિજ, મુબલ્લિગ, વાએઝ, લેખક અને ગમે તે ક્ષેત્રમાં લોકો જો કોઈ માણસને ઈસ્લામ ઉપર અમલ કરવામાં અને ઈસ્લામની દાવત આપવામાં આગળ પડતો સમજતા હોય તો એણે જોઈએ કે દઢતા અપનાવે, અડગ રહે અને દુન્યવી માન – મોભાની કે માલ– હોદ્દાની કુરબાની

આપવાની વાત આવે તો તત્પર રહે. આ બાબત અન્ય ધર્મોના લોકોને ઈસ્લામ પ્રતિ આકર્ષે છે, એટલું જ નહીં, સામાન્ય મુસલમાનોને પણ ઈસ્લામ ઉપર અડગ રહેવામાં ઘણી મદદ કરે છે.

### *(૪) ઇસ્લામી માન્યતાઓ અને આધુનિક વિજ્ઞાનનો તાલમેલ.*

કુરઆને કરીમ અલ્લાહ તઆલાની કિતાબ છે, એમાં કોઈ શક નથી. અલ્લાહ તઆલાએ જ સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે, એ પણ નક્કી છે, એટલે કુરઆનમાં સૃષ્ટિ વિશે જે કંઈ કહેવામાં આવે એ સાચું જ હોય.. એટલે જ પૃથ્વીના પેટાળો, પહાડોની ઊંચાઈ, સંમદરની ઊંડાઈ અને આસમાનના અનંત અવકાશ વિશે કુરઆને જે કંઈ વર્ણવ્યું છે અને એ માટે જે શબ્દોનો ઉપયોગ અલ્લાહ તઆલાએ કર્યો છે, એ એટલું બધું સચોટ છે કે એના થકી જ આજે અનેક વિદ્વાનો અને વૈજ્ઞાનિકો ઈસ્લામ સ્વીકાર કરી લે છે. જાપાન, અમેરિકા, જર્મની વગેરે અનેક દેશોના કિસ્સાઓ છે. અત્રે સ્થળ સંકોચના કારણે એનો ઉલ્લખે ટાળીએ છીએ.

માના પેટમાં બાળકના ઉછેરના તબક્કાઓ કુરઆનમાં સ્પષ્ટ રૂપે વર્ણવવામાં આવ્યા છે. કુરઆને હરામ કે નાપાક ઠરાવેલ વસ્તુઓના નુકસાનો, ગુનાહો માટે નક્કી કરેલ સજાઓ, માનવજીવન માટે પાણીના આવશ્યક હોવાનો સિદ્ધાંત, સૂર્ય અને ચંદ્રના ભમ્રણ અને અસ્ત – ઉદયની વાત, મધ માખી વિશે અતિ સુક્ષ્મ જાણકારી, જે સદીઓ પછીના સંશોધનથી સહી પૂરવાર થઈ... વગેરે...

કુરઆનની તફસીરમાં આજકાલ તો આ એક અલગ વિષય

અને સબ્જેક્ટ બની ગયો છે, અને આ જ વિષયે લેબોરેટરીઓમાં સંશોધનો થઈ રહયા છે અને પુસ્તકો લખાય રહયા છે.

### *(૫) અન્ય ધર્મોમાં અનુકરણ યોગ્ય કેરેકટર અને સમાજની અનુપસ્થિતિ*

ઈસ્લામમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું વ્યકિતત્વ દરેક મુસલમાન માટે આદર્શ અને અનુકરણીય છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મહાનતાનો અસલ સબબ આપના ચમત્કારો નથી.

આસમાની હસ્તી હોવું, દૈવી શકિત ધરાવવી, બીજી જ દુનિયાના માણસ હોવું, આચરણ અને અમલમાં સામાન્ય માનવી કરતાં એટલા ઉચ્ચ હોવું કે કોઈ આપનું અનુકરણ કરી જ ન શકે... આ બધું અન્ય ધર્મો હોય છે. અન્ય ધર્મોમાં ધાર્મિક મહાત્માને, ધર્મપુરૂષ અને ધર્મસ્થાપકને એટલા ઊંચા બતાવવામાં આવે છે કે સામાન્ય માણસ એમના અનુકરણ વિશે વિચારી જ ન શકે. અને ધર્મના આદર્શો અને ધર્મપુરૂષે બતાવેલ આદેશોને ફકત પુસ્તકો કે કિતાબોમાં વાંચીને જ અમલમાં મૂકવા મજબૂર હોય છે. આ જ કારણે અન્ય ધર્મોમાં પાછળના ધાર્મિક નેતાઓ, સંતો, પાદરીઓ, પેશ્વાઓ વગેરે પણ સામાન્ય માનવીથી અતિ ઉચ્ચ થવાના પ્રયત્નો કરે છે, અને આ અમલી રીતે શકય ન હોવાથી એમના જીવનચરિત્રો વિરોધાભાસ અને શંકા – કુશંકાના વાદળોથી ઘેરાય જાય છે.

મુસલમાનોના નબી હઝરત મુહમ્મદ પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માનવી હતા, સઘળા માનવીય ગુણો અને લાગણીઓ ધરાવતા હતા. કોઈ બાબતે અપવાદ ન હતા. અને ઈસ્લામના આદેશો ઉપર અમલ કરતા હતા. આમ એમના થકી

ઈસ્લામી આદેશોના અમલનું એક સંપૂર્ણ ઉદાહરણ લોકો સામે મૂકવામાં આવ્યું. એમાં કોઈ શોખીન માણસ માટે વધારે ધાર્મિક બનીને વધુ ઈબાદતો કરવાનું ઉદાહરણ પણ છે અને સામાન્ય માનવી માટે સંસાર સાથે રાખીને ઓછામાં ઓછા ધાર્મિક બનીને મુસલમાન બની રહેવા માટેનો નમૂનો પણ છે. આ જ રસ્તે પછીના મુસલમાન બુઝુર્ગો, આલિમો, પ્રચારકો – મુબલ્લિગો વગેરે ચાલ્યા અને ઈસ્લામ ઉપર અમલ કરીને અમલી નમૂનો રજૂ કર્યો.

વ્યકિતગત રીતે આવું ઉદાહરણ હોવા ઉપરાંત સામાજિક અને સામુહિક રીતે પણ ઈસ્લામના અમલપાત્ર હોવાના ઉદાહરણો છે. જેટલો લાંબો સમય અને જેટલા વિશાળ વિશ્વ ઉપર ઈસ્લામી શાસન રહયું અને આજે પણ જે સ્થિતિમાં અમુક સ્થળોએ મોજૂદ છે, એ પ્રમાણેનું શાસન અન્ય ધર્મોને કદી નથી મળ્યું.

જે ઝમાનામાં ઈસાઈઓ પાસે સત્તા હતી, ત્યારે એમણે ધર્મના નામે માનવીય જીવનને જ અઘરું કરી દીધું હતું. માનવજીવનના ગાડાના પૈડાં જ એમણે અટકાવી દીધા હતા. વૈજ્ઞાનિક શોધો અને કોઈ પણ નવી બાબતને ધર્મ વિરુદ્ધ સમજીને પાદરીઓ જે અત્યાચારો આચરતા હતા, અત્રે એની વિગત દર્શાવવી શકય નથી. પણ ઈસ્લામમાં આવું કયારેય નથી થયું. ઈસ્લામ ધર્મ માનવજીવન માટે કદી અવરોધ બન્યો હોય, માનવીને આગળ વધવામાં, માલ કમાવા અને નવી શોધો – સંશોધનો કરવામાં ઈસ્લામે કદી અવરોધ ઉભો નથી કર્યો.

આ બાબત પણ લોકો માટે મોટા આકર્ષણનો સબબ છે. તેઓ વર્તમાન આધુનિક સવલતો અને શોધો સાથે ઈસ્લામ

ધર્મને સુસંગત જુએ છે તો તુરંત એના પ્રતિ આકર્ષાય છે.

અલબત્ત આ મુદ્દા ઉપર વર્તમાન મુસલમાનોને લગતી એક એક અફસોસજનક વાતની નોંધ લેવી ઘટે...

વર્તમાન ઘણા મુસલમાનો એમ સમજે છે કે આધુનિક જીવનશૈલી જ અસલ છે, અને ધર્મ એક સહાયક પરિબળ છે. ચાહે લોકોના મનમાં સાફ રીતે આ વિચાર હોય કે ન હોય, ઘણા લોકોનું આચરણ આ જ દર્શાવે છે. એટલા માટે જ વર્તમાન આધુનિક જીવન, આધુનિક શિક્ષણ, આધુનિક સમાજ, આધુનિક રહેણી – કરણીની વાત આવે છે તો આપણે મુસલમાનો એ બાબતે ધર્મનું શું માર્ગદર્શન છે, એ જાણવાના પ્રયત્નો પણ નથી કરતા. આપણે આપણી મહાનતા એમાં જ સમજીએ છીએ કે આપણે પણ અન્યોની જેમ ખીલેથી છુટેલા આખલા જેવા ધર્મના બંધનથી સ્વતંત્ર બની જઈએ. આ ઘણો જ લાંબો વિષય છે. અલબત્ત બે પોઇન્ટનો નિર્દેશ કરું છું. એક છે માલ અને બીજો છે વર્તમાન આધુનિક શિક્ષણ.... આ બન્ને પ્રતિ એટલી ઘેલછા આવી ગઈ છે કે એને મેળવવામાં આપણે પોતાના મુસલમાન હોવાને પણ ભૂલી જઈએ છીએ. નાના મોટા નાણાકીય વહેવારોની વાત હશે તો કોઈ મોલ્વી – મુફતીને પૂછીએ છીએ પણ જો લાખો અને કરોડો નફાની વાત હોય તો કોઈને પૂછવાની તસ્દી લેવાની જરૂરત નથી રહેતી. અને શિક્ષણના બહાને અપનાવવામાં આવતી સ્વતંત્રતાની તો વાત જ ના પૂછો !

મુસલમાનોના શિક્ષણની ચિંતા કરવાના આશયે યોજવામાં આવતા ફંકશનોમાં સંપૂર્ણ ગેરઈસ્લામી માહોલ હોય છે. નમાઝનો સમય કઝા થઈ થાય છે, કોઈને ખબર નથી હોતી. સ્ત્રી પુરુષો ભેગા હોય છે, વાતો કરે છે, પ્રવચનો કરે છે અને

સાંભળે છે. બલકે અમુક ફંકશનોમાં તો છોકરીઓના ડાન્સ પણ થાય છે. મહારાષ્ટ્રની એક પ્રતિસ્થિત મુસ્લિમ શૈક્ષણિક સંસ્થા વિશે સાંભળ્યું કે એની પોતાની વ્યાજુ બેન્ક પણ છે અને એના થકી જ મુસ્લિમ વિદ્યાર્થીઓએ એમના નાણાકીય વહેવારો કરવાના હોય છે. એમને જયારે કહેવામાં આવ્યું કે, આ બેન્કવાળું કામ યોગ્ય નથી. તો જવાબ આપવામાં આવ્યો કે, એના વગર આ શકય નથી. જયારે કે મહારાષ્ટ્રમાં જ એમના જેવી જ વિશાળ મુસ્લિમ શૈક્ષણિક સંસ્થા એક મોલાના સાહેબ શકય એટલા ઈસ્લામી આદર્શોના અમલ કરીને સફળતાપૂર્વક ચલાવી રહયા છે.

ઈસ્લામ આધુનિક શિક્ષણ અને આધુનિક જીવન પદ્ધતિનો વિરોધી નથી, પણ આ શિક્ષણ અને જીવન પદ્ધતિમાં જે વાતો ઈસ્લામ વિરોધી છે, એનાથી બચવું દરેક મુસલમાન ઉપર વ્યકિતગત રીતે પણ જરૂરી છે અને સંસ્થાઓ ઉપર સંસ્થાકીય રીતે, સંચાલન બાબતે સાવચેતી રાખવી ફરજ છે.

### *(૬) ઇસ્લામનું માનવતાવાદી વલણ*

દુનિયામાં માનવી એક વિશેષ પ્રકારનું પાલતૂ પ્રાણી છે. માણસો એક બીજા સાથે અનેક પ્રકારે સગાઈ, સંબંધો અને દોસ્તી, દુશ્મની વગેરે લાગણીઓ થકી બંધાયેલા હોય છે. આ સંબંધો જ એને દુનિયાની જીવનની ખરી મજા પૂરી પાડે છે. સુખ અને દુખ, બન્નેમાં માણસને આત્મીય સંબંધોની જરૂરત પડે છે.

માનવીની આ જરૂરતને સામે રાખીને જ, જરૂરતને પૂર્ણ રીતે અનુરૂપ સંબંધો ઈસ્લામ દ્વારા પહેલેથી જ દર્શાવી દેવામાં આવ્યા છે. સગાઈ અને રિશ્તેદારીના સંબંધો વિશે વિવિધ પ્રકારની દરજાઓની ચોખવટ સાથે નિર્દેશ કરવામાં આવ્યો છે.

બાપ – બેટાની સગાઈ, પતિ – પત્નિના સંબંધો. પતિ – પત્નિ માટે એક બીજાની સાસરી પક્ષ તરફના સંબંધો. નજીક અને દૂરના સંબંધોની ચોખવટ.

સગાઈ ઉપરાંત પાડોશીના હકો. મહોલ્લા વાળાના હકો, ગામ – શહેર અથવા વિશેષ પ્રકારના કરાર મુજબના સંબંધો..

આ સંબંધોમાં અમુક તમુક બાબતોની બજવણી ફરજિયાત સ્વરૂપે, અને અમુક તમુક વહેવારો મરજિયાત તરીકે નક્કી કરવામાં આવ્યા છે.

આ બધું એટલું સ્પષ્ટ રીતે અને ધાર્મિક મર્યાદાઓ સાથે ઈસ્લામમાં દર્શાવવામાં આવ્યું છે કે માણસ સુખ કે દુખમાં પોતાને એકલો ન અનુભવે. અને કયારે કોની સહાય કરવાની છે અથવા કોની પાસેથી સહાય મેળવવાનો એનો અધિકાર છે, એ બધું એની સામે સ્પષ્ટ હોય છે.

એનાથી વિપરીત અન્ય ધર્મો અને સંસ્કૃતિઓમાં આ બાબતે નજીવું માર્ગદર્શન છે. એટલે જ આપણે જોઈએ છીએ કે સુખ – દુખના અવસરોમાં એમને ત્યાં ઘણો વિરોધાભાસ હોય છે. નજીકના સંગાઓ કોઈને યાદ પણ નથી હોતા અને દૂર સુદૂરની મૈત્રીને તેઓ નિભાવતા હોય છે. દુખના અવસરે અન્ય ધર્મનો માણસ કેવો એકલો અટુલો પડી જાય છે, એ સમજવું હોય તો દવાખાનામાં દાખલ થયેલ મુસલમાન બીમાર સાથે કોઈ બીજાની તુલના કરી લેવામાં આવે. એક મુસલમાન બીમારના ખબર અંતર પૂછવા જેટલા માણસો આવે છે, એટલા બીજા બીમારો પાસે નથી આવતા.

મુસ્લિમ સમાજની આ કોટુંબિક ભાવના અને સદવર્તનની ઈસ્લામની નીતિનો અનુભવ કરીને જ ઘણા લોકો મુસલમાન

થઈ જાય છે.

હઝરત અકદસ મુફતી અહમદ ખાનપૂરી સાહેબ દા.બ.ના એક વઅઝમાં સાંભળ્યું કે, અંગ્રેજો પાસે આવું કોઈ વિશેષ માર્ગદર્શન અને અખ્લાક સંબંધી કોઈ નીતિ નથી. એટલે જ એમની પાસે વિવિધ રિશ્તેદારીઓના નામો પણ નથી. ફાધર, મધર, બ્રધર અને સિસ્ટર. બસ... પછી બધી જ સગાઈઓ આ શબ્દોને જોડી તોડીને બનાવવામાં આવે છે. દાદા – દાદી અને નાના નાની માટે, કાકા, મામા અને ફુવા, ફોય, કાકી અને માસી, વગેરે અનેક પ્રકારની રિશ્તેદારીઓ એક જ શબ્દ દ્વારા વ્યકત કરવામાં આવે છે. મુળ વાત એ છે કે આ બધી સગાઈઓ અને એના થકી માણસ ઉપર લાગુ થતી જવાબદારીઓનો કોઈ વિચાર કે એની નીતિ જ એમની પાસે નથી. જે સંબંધો સાચવવાના જ ન હોય તો પછી એને નામ આપીને શો ફાયદો ? આ એમના અખ્લાક છે.

આનાથી આપણે મુસલમાનોએ શીખામણ લેવાની છે કે રિશ્તેદારી, પાડોશ, કરાર અને બીજી કોઈ પણ રીતે આપણા ઉપર આવતી ફરજિયાત કે મરજિયાત અખ્લાકી જવાબદારીઓ સભાનતા સાથે નિભાવવામાં આવે. એ ઈસ્લામની વિશેષતા છે. એના થકી જ આપણે અન્યો કરતાં સારા ગણાઈએ છીએ. મુસલમાનો અને ગેરમુસ્લિમો વચ્ચે નામનો ફરક નથી. જવાબદારીઓ અદા કરવાના આધારે ફરક સ્પષ્ટ થાય છે.

***(૭) વિશ્વભરમાં ઇસ્લામ વિરોધી વાતાવરણ***

વિશ્વભરમાં સામાન્ય વાતાવરણ ઈસ્લામ વિરોધી છે, એવો દરેક મુસલમાનને એહસાસ છે અને પ્રચાર એવો કરવામાં આવે છે મુસલમાનો બધે જ આતંકવાદી છે. મુળ વાત આ છે કે

મુસલમાન ગમે ત્યાં હોય, ગમે તેવો હોય, કંઈક અંશે પણ ઈસ્લામ ઉપર અમલ કરવાને પ્રાથમિકતા આપે છે. તે ધર્મને બિલ્કુલ છોડી દે એ મુશ્કેલ હોય છે. સામા પક્ષે બીજી પ્રજાઓ, સરકારો અને સમાજો ઈચ્છે કે મુસલમાન ઈસ્લામને છોડી દે. સ્વતંત્રતાનો મતલબ ઈસ્લામ છોડવાનો હોય તો એ યુરોપ, અમેરિકા અને એમના દોસ્તોને સ્વીકાર્ય છે, પણ સ્વતંત્રતાનો મતલબ એ કે મુસલમાન ઈસ્લામ મુજબ અમલ કરે તો એ સ્વીકાર્ય નથી હોતો. અહીંયા આવીને ટકરાવ થાય છે.

યુરોપ અને અમેરિકા આખા વિશ્વને લોકશાહી જોવા ઈચ્છે છે પણ એના થકી બહુમતિ મુસ્લિમ દેશમાં જો ઈસ્લામવાદીઓ જીતીને સત્તા ઉપર આવે તો પછી અુમક લઘુમતિઓના અધિકારો છીનવાય જવાના બહાને એમને સત્તા ઉપરથી હટાવી દેવામાં આવે છે. અલ્જેરિયા, મિસર, લિબિયા, અને સોવિયત સંઘમાંથી સ્વતંત્ર થયેલ અનેક દેશોમાં આ સીનારીયો જોવામાં આવ્યો. એટલે જ ખાડીને દેશોમાં અમેરિકા અને યુરોપને રાજાશાહી જ વધારે ગમે છે.

કોઈ પણ દેશની બહુમતિ મુસ્લિમ પ્રજા ઈસ્લામ પ્રતિ જાગૃત થાય તો એના ઉપર કોઈને કોઈ બહાને તૂટી પડવું એ આજના વિશ્વનો વણલખ્યો નિયમ છે. અફગાનિસ્તાન, બોસ્નિયા, ચેચેન્યા, ચાઈના વગેરે અનેક દેશોમાં આ જ સમસ્યા છે.

આજે સ્થિતિ આ છે કે ફ્રાંન્સ અને યુરોપમાં વિદેશથી શિક્ષણ માટે આવતા મુસલમાન વિદ્યાર્થીઓના વિશેષ આંકડા ભેગા કરવામાં આવે છે. શા માટે ? એના ઉપર કંટ્રોલ મુકવા માટે. એનો મતલબ એ કે મુસલમાનો વધારે શિક્ષણ મેળવે એમાં

યુરોપને રસ નથી. ભારતમાં અનામતના રાજકરણ પાછળ એક મોટું પરિબળ મુસલમાનોને પછાત રાખવાનું છે.

ખુલાસો એ કે, સત્તા, શકિત, શિક્ષણ કે બીજી કોઈ રીતે, મુસલમાનોને આગળ આવવા દેવામાં ન આવે. આ આજના વિશ્વની નીતિ છે.

અલબત્ત આ બાબત હવે ધીરે ધીરે ઉલટા પરિણામો આપવા માંડી છે. વિશ્વભરનો વિરોધી માહોલ મુસલમાનોને પોતાની રીતે સદ્ધર અને સમર્થ થવા ઉપર મજબૂર કરી રહયો છે. તેઓ કોઈ પણ સ્થિતિમાં ધર્મને વળગી રહેવાનો પાઠ ભણી રહયા છે. તેઓ અન્યોનો વિરોધ અને અવરોધ, પોતાના અધિકારો અને સ્વતંત્રતા, અને સાથે જ ધર્મને છાતીએ વળગાડીને જીવન જીવવાનો પ્રયાસ કરી રહયા છે. મતલબ કે આ એક વચગાળાનો ઝમાનો છે. જો આ સમયકાળમાં મુસલમાનો અડગતા સાથે, ધર્મને વળગી રહીને, પોતાની પ્રગતિને જાળવી રાખશે તો આવતા દિવસો મુસલમાનોના જ હશે. વર્તમાન પ્રગતિ અને ભૌતિકતાના મોહમાં લગભગ બધા જ ધર્મોના અનુયાયીઓએ ધર્મને બાજુ પર મૂકી દીધો છે, અને મુસલમાનોને પણ પોતાની જેમ જોવા માંગે છે, પણ આજનો મુસલમાન ગમે તેમ કરીને પણ ધર્મને વળગીને આગળ વધતો રહયો તો આવતી કાલ મુસલમાનની જ છે. આવતી પેઢીના ઉજ્જવળ ભવિષ્યની ફિકર ફકત ભૌતિક સંપત્તિ અને આધુનિક શિક્ષણના આધારે કરવાની સાથે જ આવનારી પેઢીના ઈસ્લામની પણ ફિકર કરી લેવામાં આવે એ જરૂરી છે. એના લઈને જો મુસલમાનો બીજી કોમો કરતાં એક કદમ પાછળ રહી જશે તો વાંધો નથી. આવતી કાલે ભૌતિકસંપદામાં આપણે એક

કદમ પાછળ હોઈશું પણ માનવતા, સંસ્કાર અને ધર્મ આધારિત વિશેષ ઓળખ ફકત આપણી જ હશે. બીજા બધા એક પ્રકારના આધુનિક જાનવર હશે, પણ માનવી ન હશે.

## *એજ્યુકેશન, ઇકોનોમી, ટેકનોલોજી વગેરેમાં મુસલમાનો કેટલા આગળ હોવા જોઈએ.*

### *સવાલ - જવાબ*

સવાલ : શું વર્તમાન ઉમ્મતે મુસ્લિમહ માટે આ જરૂરી નથી કે તેઓ હથિયાર અને વોર – વેપન ટેકનોલોજીમાં યહૂદીઓ જેટલા જ પાવરફૂલ હોય.

શું મુસલમાનો પાસે પણ એવા હથિયાર હોવા જરૂરી નથી, જેવા એમના વિરોધી કોમ કે સત્તા પાસે હોય ?

જવાબ : કુરઆનના આદેશ પ્રમાણે જે વસ્તુઓ જરૂરી છે તે આ છે : શત્રુના મુકાબલા માટે પોતાની શકિત મુજબની તૈયારી કરવામાં આવે. કોઈની બરાબરી કે કોઈનાથી ચઢિયાતા હોવું જરૂરી નથી. આપણી સૈન્ય શકિત શત્રુથી ચઢિયાતી હોય એ જરૂરી નથી. એના સમોવડી હોય એ પણ જરૂરી નથી. પણ આપણી શકિત મુજબની તૈયારી જરૂર હોવી જોઈએ અને એ હથિયારો અને શકિત વડે શત્રુ સાથે લડવું અને જિહાદ કરવો જરૂરી છે.

જરૂરત પડયે કોઈનો મુકાબલો કરવો પડે તો મુસલમાનોએ કેટલી તૈયારી કરવી, એ વિશે કુરઆનમાં સ્પષ્ટ રૂપે કહેવામાં આવ્યું છે : 'તમે તૈયારી કરો, જેટલી પણ તમે કરી શકો.''

[illegible]

કુરઆનમાં અન્ય એક સ્થળે ભૌતિક રીતે એટલે કે સંશાધનો, શસ્ત્રો, સૈન્યની સંખ્યા વગેરે બાબતોમાં

મુસલમાનોએ કેટલા અંશે સમર્થ હોવું જરૂરી છે, એનું માર્ગદર્શન પણ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

*અગર તમારામાં અડગ રહેનાર વીસ માણસો હશે તો તેઓ બસો ઉપર વિજયી રહેશે અને જો તમારામાં સો (આવા) હશે તો હજાર કાફિરો પર વિજયી બનશે, કારણ કે તે એવા લોકો છે, જે (દીનને) કંઈ સમજતા નથી. (૬૫) હવે અલ્લાહે તમારાથી બોજો હલકો કરી દીધો અને તેણે જાણી લીધું કે તમારામાં કંઈક નબળાઈ છે તો (હવે) જો તમારામાં અડગ રહેનાર સો માણસો હશે તો તેઓ બસોને જીતી લેશે અને જો તમારામાં હજાર હશે તો બે હજાર પર અલ્લાહના હુકમથી જીત મેળવશે અને અલ્લાહ (ની મદદ) અડગ રહેનારાઓની સાથે જ છે. (૬૬)*

આ આયતમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે ભૌતિક રીતે મુસલમાનો અડધો અડધ પછાત હોય, ઓછા હોય, કમઝોર હોય તો પણ તેઓ એમના પ્રતિસ્પર્ધી કરતાં આગળ નીકળી શકે છે, એમના ઉપર પ્રભાવી થઈ શકે છે. અલબત્ત જે જરૂરી શરતો આયતમાં આગળ જણાવી છે પાકું ઈમાન અને અડગતા છે.

કુરઆનમાં અનેક આયતોમાં જ્યાં મુસલમાનોને દુનિયામાં જીત અને પ્રભાવનો વાયદો કરવામાં આવ્યો છે, એ બધી જ આયતોમાં અસલ શર્ત ઈમાન પાકું હોવાની છે. ભૌતિક રીતે મુસલમાનો ચડિયાતા હશે તો જ જીતી શકશે એવું કુરઆનમાં ક્યાંયે નથી.

મતલબ આ થયો કે મુકાબલા અને સ્પર્ધા માટે આપણી અસલ તાકત આપણું ઈમાન છે. એના લઈને તો લડાઈ છે,

સ્પર્ધા છે, હરીફાઈ છે. વિરોધ અને ઝઘડાઓ છે. આપણે જો મુસલમાન રહેવા ન માંગીએ, ઈસ્લામ છોડી દઈએ તો પછી આપણી સાથે કોને દુશ્મની છે ? કોઈ પણ આપણો વિરોધી નથી. આપણો વિરોધ અગર કોઈ કરે છે તો ઈસ્લામના કારણે જ કરે છે. પછી આ બેવકૂફી ન કહેવાય કે ઈસ્લામના નામ ઉપર આપણે એનો મુકાબલો કરવા માટે ઈસ્લામને પણ છોડી દઈએ. એના કરતાં સરળ રીત આ છે કે મુકાબલા વગર જ ઈસ્લામને છોડી દઈએ, પછી લડાઈ અને સ્પર્ધાની જરૂરત જ નહીં રહે !!!

એટલે કે આ દુનિયામાં આગળ આવવાના બે રસ્તા આપણી સામે છે. (૧) ભૌતિક રીતે થોડા પાછળ હોઈએ પણ ઈમાન અને અડગતામાં પાકા હોઈએ..(૨) ભૌતિક રીતે સમોવડિયા અથવા ચડિયાતા થઈને સ્પર્ધા – મુકાબલો કરીએ, ભલે ઈસ્લામના અનુસરણમાં આપણે પાછળ હોઈએ.

આપણા માટે કયો રસ્તો સરળ છે એ આપણે સમજી શકીએ છીએ.

અમારા ઉપરોકત લખાણનો મતલબ એ નથી કે રોઝા, નમાઝ, વગેરે ઈસ્લામી ઈબાદતો લઈને બેસી રહીએ અને જે તે ઝમાનામાં પ્રચલિત નીતિઓથી અજાણ રહીને એની સામે ઈસ્લાની નીતિઓના પ્રભાવી અને અસરકારક હોવાની તબ્લીગ ન કરીએ... દુશ્મનનો મુકાબલો પણ કરવામાં ન આવે...

આપણે ઈસ્લામની નીતિઓની તબ્લીગ પણ કરવાની છે, એમાં આવતા વિરોધ અને અવરોધો પણ સહેવાના છે અને જરૂરત પડે તો સ્પર્ધા, હરિફાઈ, મુકાબલો, લડાઈ અને યુદ્ધ પણ કરવાનું છે. પણ મુળ વાત આ યાદ રાખવાની છે કે આપણી અસલ પૂંજી અને અને ખરી શકિત શું છે ?

અકબર ઈલાહાબાદીએ આ જ વાત શે'રમાં કહી છે :

*તુમ શોખ સે કોલેજ મેં પળ્હો, પાર્ક મેં ફૂલો.*
*જાઈઝ હે ગુબ્બારોમાં ઉડો. ચર્ખ પે જૂલો*
*પર એક સખુન બંદએ આજિઝ કા રહે યાદ*
*અલ્લાહ ઓર અપની હકીકત કો ન ભૂલો.*

*યાદ રાખો...*

૧) આપણી મુળ સમસ્યા ભૌતિકતા, આધુનિકતા, આર્થિક સદ્ધરતા કે રાજકીય સત્તા સાથે લઈને ભવિષ્ય સુધી જવાની નથી, બલકે આપણા ધર્મને આવતી કાલ સુધી અને ભવિષ્ય સુધી અસલ અને મુળ સ્વરૂપે, વાસ્તવિક અમલી સ્વરૂપમાં લઈ જવો આપણી અસલ ફરજ છે. હદીસ શરીફમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સહાબાને સંબોધીને ફરમાવે છે કે મારી વાતો અન્યો સુધી પહોંચાડો. એવું થઈ શકે છે જેના સુધી પહોંચાડવામાં આવી હોય, એ મુળ સાંભળનાર કરતાં વધારે સમજદાર હોય અને એને સમજીને ઘણું બધું કામ લઈ શકે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ વાત આજના સંદર્ભમાં પણ પૂરી રીતે ઉપયોગી છે. આપણે કોઈ પણ રીતે છાતીએ ચાંપીને દીન સાચવી રાખવાનો છે. આવતી પેઢીને આપવા માટે. માટે થોડું ઘણું ભૌતિક – દુન્યવી નુકસાન વેઠીને પણ દીન જાળવી રાખવો આપણી ફરજ છે.

૨) વર્તમાન આધુનિક શિક્ષણની બધી જ શાખાઓમાં અને સામાજિક, આર્થિક અને રાજકીય રીતે આગળ આવવું અને સદ્ધર રહેવું ઘણું જરૂરી છે. એના માટે મોટી મોટી કુરબાનીઓ આપવી પડે તો એ આપવી જોઈએ, પણ ઈસ્લામ અને ઈસ્લામના આદેશોની કુરબાની હરગિઝ નહીં. પેન, પેન્સિલ કે

નોટબુક લેવા માટે બજાર જવાની કુરબાની બાપ નથી આપી શકતો, બલકે યુવાન છોકરીને પોતે જ જવાનું કહે છે. વિચારો ! શિક્ષણના નામે આપણે કઈ હદ સુધી ઈસ્લામને કુરબાન કરી રહયા છીએ !. આ એક સામાન્ય ઉદાહરણ છે. છોકરાઓ અને છોકરીઓના શિક્ષણ બાબતે.. ધંધા અને નોકરી બાબતે.. દોસ્તી અને સોહબત બાબતે.. મોજ મજાના શોખ અને સમાજ કે સોસાયટીના રિવાજો બાબતે.. આવા ઘણા બધા ઉદાહરણો છે.

### *કયામત કયારે આવશે ?*

જો આ સવાલ એટલા માટે કરવામાં આવે છે કે વર્તમાન સ્થિતિના લઈ આપણે કંઈક અંશે ઈસ્લામના ઉજ્જવળ ભવિષ્યથી માયૂસ થઈ ગયા છીએ અને એવી આશા રાખીએ છીએ કે કયામત પૂર્વે છેલ્લી વાર હઝરત મહેદી રદિ. અને હઝરત ઈસા અલૈ. થકી આખા વિશ્વ ઉપર ઈસ્લામનું પ્રભુત્વ સ્થાપાશે, અને મારા તમારા પ્રયાસો થકી કંઈ વળવાનું નથી, અને એટલે જ પછી આપણે આપણી જિંદગીમાં ઈસ્લામ ઉપર વધારે અમલ કરવાનો કોઈ પ્રયાસ નથી કરતા તો... સમજી લ્યો કે આવા માણસની કયામત તો કયારની આવી ગઈ છે અને આ માણસ કયામતમાં જ ચાલી રહયો છે.

જો આ સવાલ કયામત પૂર્વે કયામતની તૈયારી કરીને તૈયાર થવા માટે છે તો જાણી લ્યો કે કયામત ઘણી જ નજીક છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે બે આંગળીઓ ભેગી ઊંચી કરીને ફરમાવ્યું હતું કે,

*'હું અને કયામત આમ એક બીજાની નજીક છે.'*

આજે તો એને પણ ૧૪૦૦ થી વધારે વરસો વીતી ગયા છે. એટલે બસ કયામત આવી જ સમજો અને નેકીઓ – ઈબાદતો

કરવા માંડો.

અને જો આ સવાલ એટલા માટે કરવામાં આવે છે કે ભલાઈ અને બુરાઈની લડાઈમાં પોતાના સ્થાનને સમજી શકાય, દીન અને ઈસ્લામ ખાતર કરવામાં આવતા પ્રયાસોના દુન્યવી અને આખિરતના પરિણામ બાબતે સજાગ રહી શકાય.. સમય અને સંજોગો પ્રમાણે ઈસ્લામ ઉપર અમલ કરવાની રીત અને ઢબ જાણી શકાય.. ઈસ્લામના પ્રચાર અને પ્રસાર, દીનની સમજ અને તરગીબની મહેનત કરવા માટે કોઈ અવકાશ અને અવસર બાકી છે કે પછી ઘરમાં બેસી રહેવાનો કે પહાડ – જંગલમાં જઈને એકલા જ રહેવાના દિવસો આવી ગયા છે ? તો આ લોકોને કહેવામાં આવે છે કે કયામતને હજુ ઘણી વાર છે. દીન અને ઈસ્લામની મહેનત કરવાનો મોટો અવસર આપણી પાસે છે. દુનિયાને ઈસ્લામની જરૂરત છે અને ઈસ્લામ માટે આ દુનિયામાં હજુ મોટો સ્પેસ અને અવકાશ છે. માટે માયૂસ ન થાઓ, પોતે પણ દીન ઉપર અમલ કરો અને અન્યોને પણ દીન ઉપર અમલ કરવાની પ્રેરણા આપો. તરગીબ અને તબ્લીગનું કામ કરો.

***<u>કયામતની નિશાનીઓ, એક ફેશન.</u>***

આજકાલ એક ફેશન આ પણ થઈ ગઈ છે કે કોઈ મોટી આફત આવી પડે કે વિશ્વમાં મોટી ઘટના ઘટે કે તુરંત કયામતની નિશાનીઓની ચર્ચા શરૂ થઈ જાય છે. લોકો ચાહે છે કે કોઈ વાએઝ અમને આ ઘટનાનો કયામતના સાથે શું સંબંધ છે એ બયાન કરે અને અમુક વાએઝો પણ લોકોની આ જિજ્ઞાસાને સંતોષવા પોતાની તકરીરમાં કયામતની નિશાનીઓ સાથે વર્તમાનની ઘટનાઓને જોડીને એવી રીતે વર્ણવે છે, જાણે હદીસ

શરીફમાં આ જ ઘટનાનું વર્ણન આવ્યું હોય.

યાદ રાખો કે આવી જિજ્ઞાસાઓ સંતોષવા અથવા કયામત આવવાના દિવસો અને વરસો ગણવા કે કાઉન્ટ ડાઉન માટે હદીસ શરીફમાં કયામતની નિશાનીઓનું વર્ણન નથી કરવામાં આવ્યું. હદીસ શરીફમાં કયામતની નિશાનીઓ વર્ણવવાના મુળભુત રીતે બે આશયો છે.

૧). લોકો દીન ઉપર અલમ કરવા માંડે. સમય અને ફુરસદને ગનીમત સમજે. કયામત આવ્યા પછી સમય નહીં મળે. એટલે હમણાંથી જ ગુનાહો છોડી દે અને જે કોઈ કયામતની નિશાની સામે આવે એનાથી ઈબ્રત–બોધ ગ્રહણ કરે.

૨). કયામત પહેલાં હાલાત અને સંજોગો ઘણા કઠણ અને અઘરા હશે. દીન ઉપર અમલ કરવા માટે માણસે તકલીફો વેઠવી પડશે, મુસીબતો સહેવી પડશે, મુસલમાન આ માટે તૈયાર રહે... એ હદીસ શરીફનો મકસદ છે.

***ખુલાસો.***

ઈસ્લામનું ભવિષ્ય શું ?

આ સવાલ આપણને એટલા માટે થાય છે કે આપણે ઈસ્લામ ધર્મ પાળીએ છીએ, એટલે કે ઈસ્લામના ઉજ્જવળ ભવિષ્યમાં આપણે પોતાનું ભવિષ્ય ઉજળું જોવા માંગીએ છીએ.

આ રીતે જોઈએ તો એક મુસલમાન તરીકે આપણું અને આપણા ખાનદાનનું ભવિષ્ય શું છે, એનો વિચાર કરવો વધારે મહત્વની બાબત છે. કાલે જ્યારે ઈસ્લામનું ભવિષ્ય ઉજળું હશે અને આપણે અથવા આપણી નવી પેઢી ઈસ્લામથી દૂર હશે તો આપણને શો ફાયદો ?

માટે દરેક મુસલમાને ફિકર કરવાની બાબત આ છે કે વ્યકિતગત, કોટુંબિક અને સામાજિક રીતે આપણે પોતે કેટલા અંશે મુસલમાન રહીને આવતી કાલ સુધી જવા માંગીએ છીએ ? જેટલા વધારે મુસલમાન બનીને આવતી કાલ સુધી પહોંચીશું એટલું વધારે ઉજળું ભવિષ્ય આપણે ઈસ્લામ અને મુસલમાનોનું જોઈ શકીશું.

અલ્લાહ તઆલા ઈસ્લામનું ભવિષ્ય કેવી રીતે ઉજળું રાખે છે ? જુઓ... ભારતમાં એમ તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાત પછી થોડાક જ વરસોમાં ઈસ્લામનું આગમન થઈ ગયું હતું. વેપારી રાહે કે નાની મોટી લડાઈઓ થકી ભારતનો સુમદ્રી કિનારાનો પ્રદેશ ઈસ્લામથી પરિચિત હતો. અલબત્ત સહુપ્રથમ મુહમ્મદ ગોરીથી શરૂ થનારા મુસ્લિમ આક્રમણ અને સાથે જ મુસ્લિમ સૂફીઓની તબ્લીગ થકી ભારતમાં વાજતે ગાજતે ઈસ્લામનું જે આગમન થયું એ કોના સહારે હતું ? આજે એ લોકોમાંથી કોઈ નથી. એમના વંશજો છે કે નહીં અને છે તો શું કરે છે એની કોને ખબર છે ? પણ એમના બદલે અલ્લાહ તઆલાએ ભારતમાં એટલી મોટી માત્રામાં નવમુસ્લિમો પેદા કર્યા કે ઈસ્લામને લગતી અનેક વિદ્યાઓમાં મુળ મુસલમાનો કરતાં તે આગળ નીકળી ગયા.

અરબ દેશો, બલકે સઉદી અરેબિયા, અને મક્કા મદીનામાં પણ આજે અવિભાજિત ભારત (વર્તમાન ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ)ના અનેક આલિમો ઈસ્લામની તાલીમ આપી રહયા છે. વિચારો ! અલ્લાહ તઆલા એના દીનની હિફાજત ખાતર કેવા દૂરથી સાચા – પાકા મુસલમાનો લઈ આવ્યા અને કેવી જગ્યાએ મૂકી દીધા !

યુરોપ અને પશ્ચિમમાં આજે ઈસ્લામ સ્વીકારની એક લહેર ચાલી રહી છે. કાલે જો એમની નવી પેઢી ઈસ્લામથી સજ્જ થઈને સામે આવશે તો કદાચ એ આપણાં કરતાં વધારે સારી મુસલમાન હશે.

એટલે જ અલ્લાહ તઆલા ફરમાવે છે : જો તમે ઈસ્લામથી પાછળ હટયા તો તમારા સ્થાને બીજી કોમને લઈ આવશે અને તે તમારી જેમ પાછળ હટનારી ન હશે. (સૂ. મુહમ્મદ ૩૮)

એક બીજી આયતમાં આ વાત વધારે સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવી છે :

*હે ઈમાનવાળાઓ ! તમારામાંથી જે કોઈ પોતાના ધર્મથી ફરી જશે તો ટૂંક સમયમાં જ અલ્લાહ એવી કોમને લાવી ઊભી કરશે કે, જેઓને અલ્લાહ ચાહતો હશે અને તેઓ અલ્લાહને ચાહતા હશે. તેઓ મુસ્લિમો પ્રત્યે મહેરબાન (અને) કાફિરો પર જોરાવર હશે, અલ્લાહના માર્ગમાં લડતા રહેશે અને (આ બાબતમાં) તેઓ કોઈ ઠપકો આપનારના ઠપકાથી (જરા પણ) ડરશે નહિ; આ બધી અલ્લાહ તઆલાની મહેરબાની છે. તે ચાહે તેને આપે અને અલ્લાહ ઉદારતાવાળો (તેમજ) સઘળું જાણનાર છે. (સૂ. માઈદહ : ૫૪)*

કોણ જાણે કેમ ? જયારે પણ આ આયત યાદ આવે છે, ત્યારે મન ભારે થઈ જાય છે અને વિચાર આવે છે કે,

શું ઈસ્લામ સ્વીકારની આ લહેર એટલા માટે છે કે આજના વર્તમાન મુસલમાનોએ ઈસ્લામને હેઠો મૂકી દીધો છે, તેઓ ઈસ્લામ પાછળ મૂકીને બીજી વસ્તુઓને પ્રાથમિકતા આપવા માંડયા છે, એટલે અલ્લાહ તઆલા એક બીજી કોમને આગળ લાવવા માંગે છે ?

એક છેલ્લું ઉદાહરણ જોઈને વાત પૂરી કરીએ...

ભારત સ્વતંત્ર થયું અને ભાગલા પડયા, ત્યારે બન્ને તરફ મુસલમાનોના નેતા અને આગેવાનો બન્ને પ્રકારના હતા. ધાર્મિક આગેવાનો અને રાજકીય આગેવાનો. મોલાના હુસૈન અહમદ મદની રહ. મવલાના અશરફ અલી થાનવી રહ. અને બીજા ઘણા ઉલમા ધાર્મિક અને રાજકીય, બન્ને રીતે મુસલમાનોની રાહબરી ફરમાવતા હતા. એટલે તેઓ રાજકીય અને ધાર્મિક બન્ને પ્રકારના આગેવાન હતા.

આજે જોઈ લો ! જેઓ ફકત રાજકીય નેતાગીરી કરતા હતા, અને એમણે એમની પોતાની નવી પેઢીને (તેઓ ઈસ્લામના નામે મુસલમાનોની આગેવાની કરતા હતા) છતાં ઈસ્લામથી દૂર રાખી તો આજે એમના વંશજો કયાં છે ? છુટા છવાયા વ્યકિગત રીતે કોઈ માલદાર કે શિક્ષિત કે હોદ્દેદાર હશે પણ એ આગેવાની તો કયાંયે નથી. એનાથી વિપરીત જે બુઝુર્ગો ઈસ્લામના નામે મુસલમાનોની રાહબરી કરતા હતા, એમણે પોતાની નવી પેઢીને ઈસ્લામ શીખવાડયો અને વારસામાં દીનદારી આપીને ગયા તો આજે એમના ખાનદાનો એમના પૂર્વજો કરતાં વધારે સારી રીતે દીન અને દુન્યામાં આગળ છે. એમના ખાનદાનો ઉપર મુસલમાનોનો વિશ્વાસ આજે પણ બાકી છે. બન્ને પક્ષો તરફી એક એકના નામ લઈને ઉદાહરણો આપી શકાય છે પણ વાત લાંબી થઈ જશે ...

પુસ્તકો, પુસ્તિકાઓ અને કોઈ પણ લખાણના વાચકો, વાંચન બાબતે અનેક પ્રકારની આદતો ધરાવતા હોય છે.

અભ્યાસુ માણસને આખું લખાણ શરૂથી છેલ્લે સુધી વાંચી જવાનો શોખ હોય છે.

કોઈ માણસ આરંભે પ્રસ્તાવના અને થોડુંક વાંચી લે છે, અને સમજે છે કે લેખકે જે કહેવાનું છે તે મને સમજમાં આવી ગયું.

કોઈ પુસ્તકના અંતે ખુલાસો અને નિચોડ હોય તો એ વાંચીને સંતોષ માની લે છે કે આખા પુસ્તકનો સાર અને સારાંશ મેં વાંચી લીધો એટલું પુરતું છે.

એટલે મારો અનુરોધ છે કે, તમે તમારા શોખ પ્રમાણે ચાહો તો આખી પુસ્તિકા શરૂથી છેલ્લે સુધી વાંચી જાઓ, ઘણું સરસ. અને ચાહો તો એની અનુક્રમણિકા જોઈ લેશો, જે મથાળું તમને સારું લાગે એની વિગત પુસ્તિકા ખોલીને વાંચી લેશો અને પછી આગળ શોખ થાય તો વધારે વાંચશો.

અને ચાહો તો છેલ્લે અમે ખુલાસો લખ્યો છે, એ જ વાંચી લેશો, અને પછી શોખ થાય તો આખી પુસ્તિકા જ ઉલટા ક્રમે વાંચી શકો છો.

***શાયદ કે ઉતર જાએ તેરે દિલ મેં મેરી બાત***